
ગુજરાત સરકારનું
જાહેર સાહસ



૧૯૮૨-૮૩

વાર્ષિક અહેવાલ

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ ગાંધીનગર

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમીટેડ.

**સંચાલક મંડળ :**

૧. અધ્યક્ષ :- શ્રી રેવાભાઇ એસ. પરમાર (બિન સરકારી)

**સંચાલક મંડળના સભ્યો :**

**અ. બિન સરકારી :**

૧. શ્રી પુંજાભાઈ વાલાભાઈ સારીખડા.
૨. શ્રી વિઠલભાઇ આર. ચૌહાણ.
૩. શ્રી અંબાલાલ એસ. નાડીયા
૪. શ્રી ભાણાભાઇ ભારતી.
૫. શ્રી જશવંતભાઈ મકવાણા.
૬. શ્રી નારણભાઈ પી. ચાંચીયા.
૭. શ્રી હરીભાઈ આર. ડોડીયા.
૮. શ્રી મોતીભાઇ એમ. ચાવડા.
૯. શ્રી મણીલાલ આર. શ્રીમાળી.
૧૦. શ્રી ઈશ્વરલાલ એન. પરમાર.
૧૧. શ્રી કાંતિલાલ એમ. મકવાણા
૧૨. શ્રી હમીરભાઈ રાજારામ માંગલીયા.

**બ. સરકારી :**

૧. શ્રી એન. બી. ધ્રાંગધરીયા, નાયબ સચિવ, (૧૯-૧૧-૧૯૮૨થી)
સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગ.

૨. શ્રી એલ. માનસિંહ નાયબ સચિવ અન નિયામક,
(સંસ્થાકીય નાણા વિભાગ) નાણા વિભાગ.

૩. શ્રી જી. એલ. ભગત, નિયામક,
સમાજ કલ્યાણ ખાતુ, અમદાવાદ.

૪. શ્રી એમ. પી પીન્ટુ,
હેન્ડલુમ ટેક્ષટાઇલ ડીપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા,
ન્યુ દિલ્હી.

૫. શ્રી જી. સુબ્બારાવ, નિયામક, મીનીસ્ટ્રી ઓફ હોમ
ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી.

૬. શ્રી એમ. એન. સિધ્ધપુરીયા, નાયબ સચિવ (આદીજાતિ),
સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગ,
સચિવાલય ગાંધીનગર.

(૧૯-૧૧-૮૨ સુધી)

**ઓડીટર્સ :** મેસર્સ પી એન વડવાલા એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અમદાવાદ.

# સંચાલકોનો અહેવાલ

પ્રતિ,


ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.

ગાંધીનગરના સભાસદો.

આપના નિગમના તા. ૩૧મી માર્ચ ૮૩ના રોજ પુરા થતા વર્ષ માટેના નાણાંકીય પરીણામો તેમજ કામગીરીને આવરી લેતા ૩જો વાર્ષિક અહેવાલ સંચાલકો દ્વારા રજુ કરવામાં આવે છે.

(રૂ. લાખમાં)

| નાણાંકીય પરિણામો. | ચાલુ વર્ષ | આગળનું વર્ષ |
|---|---|---|
| ૧. આવક : | | |
| ૧.૧ વ્યાજ | ૪૭.૯૦ | ૩૨.૫૭ |
| ૧.૨ સરકારશ્રી તરફથી મળેલ વહીવટી ગ્રાન્ટ. | ૧૫.૦૦ | ૧૦.૦૦ |
| | ૬૨.૯૦ | ૪૨.૫૭ |
| ૨. ખર્ચા : | | |
| ૨.૧ લોન પર વ્યાજ | ૧૦.૧૭ | ૮.૦૦ |
| ૨.૧ વહીવટી અને ઓફીસ ખર્ચ | ૧૮.૬૪ | ૧૨.૧૨ |
| | ૨૮.૮૧ | ૨૦.૧૨ |
| ૩. ઘસારા અને જોગવાઈ પહેલાનો આવકનો વધારો : | ૩૪.૦૯ | ૨૨.૪૫ |
| ૪. બાદ : | | |
| ૪.૧ ઘસારો | ૧.૦૮ | ૦.૮૧ |
| ૪.૨ શંકાશીલ લેણા તેમજ માર્જીનમની ડીપોઝીટની જોગવાઈઓ | ૧૫.૦૧ | ૦.૭૦ |
| | ૧૬.૦૯ | ૧.૫૧ |
| ૫. આવકનો વધારો આગળના વર્ષે લઈ ગયા. | ૧૮.૦૦ | ૨૦.૯૪ |




(Note: Expenses included provision for depreciation, Bad Debts and Margin Money Deposits)


(નોંધઃ- ખર્ચામાં ઘસારાની શકમંદ લેણાની તથા સીમાંત નાણા ડિપોઝીટની જોગવાઈઓનો સમાવેશ થાય છે)

## વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓ :

### ૧. સબસીડીઓની યોજના :

નિગમ દ્વારા લાભાર્થી દીઠ રૂા. ૭૫૦/- નીયુકતમ મર્યાદામાં સબસીડીની યોજના અમલમાં મુકાયેલી છે. ચાલુ વર્ષ દરમ્યાન આ યોજનામાં નીચે પ્રમાણે સિધ્ધિ હાંસલ થયેલી છે.


| વિગત | નાના અને કુટીર ઉદ્યોગ માટે મંજુર કરવામાં આવેલી સબસીડી. | | દુધાળાઢોર માટે મંજુર કરવામાં આવેલી સબસીડી | |
|---|---|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | રકમ રૂા. લાખમાં | લાભાર્થીની સંખ્યા | રકમ (રૂા. લાખમા |
| વર્ષ ૮૨-૮૩ દરમ્યાન | ૪૫.૦૭૬ | ૩૧૯.૦૬ | ૧.૨૫૬ | ૯ ૫૭ |
| ૩૧-૩-૮૩ સુધી. | ૬૩.૬૦૯ | ૪૫૮ ૦૦ | ૪.૯૧૭ | ૩૪ ૪૬ |




### ૨. સીમાંત નાણાં ડીપોઝીટ યોજના :

અનુસૂચિત જાતિ માટે વધુ બેંક નાણા આકર્ષી શકાય તે માટે નિગમ દ્વારા "સીમાંત નાણાં ડીપોઝીટ યોજના" અમલમાં મુકવામાં આવેલી છે કે જેમાં બેંકો દ્વારા આપવામાં આવેલ લોનના ૨૫% સુધી સીમાંત નાણાં ડીપોઝીટ આપવામાં આવે છે. આ યોજનામાં નીચે પ્રમાણે પ્રગતિ થયેલી છે.

| વિગત | લાભાર્થીની સંખ્યા | સિમાંત નાણા ડીપોઝીટ ડીપોઝીટ તરીકે આપેલી રકમ (રૂા. લાખમા) | સંસ્થાકીય લોનની રકમ (રૂા. લાખમાં |
|---|---|---|---|
| વર્ષ ૮૨-૮૩ દરમ્યાન | ૬,૭૨૪ | ૩૧,૦૪ | ૧૨૩,૬૭ |
| ૩૧-૩-૮૩ | ૧૩,૭૯૩ | ૫૩,૬૪ | ૨૧૩,૬૦ |
| Upto date progress | 13,793 | 53.64 | 213.60 |




## ૩. સહકારી મંડળીઓને નાણા ધિરાણની યોજના

નિગમ દ્વારા કે જ્યાં સંસ્થાકીય ધિરાણની રકમ મળતી નથી તેવી સહકારી મંડળીઓની આર્થિક પ્રવૃ... ઓ માટે નાણાકીય ધિરાણની યોજના અમલમાં મુકવામાં આવેલી છે. વર્ષ દરમ્યાન આ યોજનામાં નીચે પ્રમાણે કામગી... થયેલી.

| વિગત | | મંડળીઓ સંખ્યા | રકમ રૂા. લાખમા |
|---|---|---|---|
| ૧. | શેરલોન | ૫ | ૧,૭૩ |
| ૨. | કાર્યપુંજી લોન | ૪ | ૧,૬૫ |

## ૪. સહકારી કામદારોની વાંસકામ સહકારી મંડળીઓને સબસીડી યોજના :

નિગમ ધ્વારા સફાઈ કામદારોની વાંસકામ સહકારી મંડળીઓને સબસીડી આપવાની યોજના અમલમાં મુકાયેલ છે. આ યોજનામાં નિગમ ધ્વારા પ્રત્યેક સભ્ય દીઠ ૨૦૦ વાંસ માટે રૂ. ૧,૨૩ લેખે સબસીડી ચૂકવવામાં આવે છે. આ આ યોજનાની પ્રગતિના આંકડા નીચે પ્રમાણે છે.

| વિગત | મંડળીઓની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | સહાય પેટે આપેલી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| વર્ષ ૮૨-૮૩ દરમ્યાન | ૫ | ૧૪૯ | ૦,૦૫ |
| ૩૧-૩-૮૩ સુધી | ૧૫ | ૫૭૩ | ૦,૩૧ |

## ૫. સંસ્થાકીય ધિરાણ મેળવવામાં સિદ્ધિ :

નિગમ ધ્વારા સબસીડીની યોજના, સિમાંત ડીપોઝીટની યોજના તેમજ સીધા ધિરાણ ધ્વારા નોંધપાત્ર સંસ્થાકીય ધિરાણ આકર્ષવામાં આવેલુ છે. જેની વિગત નીચે પ્રમાણે છે

| વિગત | લાભાર્થી સંખ્યા | સંસ્થાકીય ધિરાણની રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| વર્ષ ૮૨-૮૩ દરમ્યાન | ૫૦.૮૦૭ | ૬૮૪,૭૧ |
| ૩૧-૩-૮૩ | ૧,૦૧,૭૩૭ | ૧૪૩૮,૨૨ |

## સીધું ધિરાણ :

નિગમ દ્વારા ગુજરાત સરકારની બાંહેધરીથી રૂ ૩૭૪/- લાખની બેન્ક લોના મેળવીને સીધું ધિરાણ કરવામાં આવેલુ છે. આ રકમ માંથી નિગમે, જે ક્ષેત્રોમાં વાણિજ્ય બેંકો દ્વારા અનુસુચિત જાતિ માટે પૂરતા પ્રમાણમાં કાર્યક્રમો અમલમાં મૂકેલા નથી તેના ક્ષેત્રોમાં ગરીબી રેખા નીચે વસતા લાભાર્થીઓને ધિરાણ આપવામાં આવેલુ છે ચાલુ વર્ષના અંત સુધીમાં નિગમે ૨૦૬૧૬ કુટુંબોને આ યોજનામાં આવરી લીધા છે ૩૧ ૩-૮૭ના રોજ બાકી લહેણુ ની રકમ રૂ. ૨૩૧. ૩૫/- લાખ છે, જેમાં નિગમ દ્વારા અગાઉ સહકારી ધારા ૧૮૬૦ અન્વયે નોંધાયેલ નિગમની લઈ લીધેલી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

## ૬ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન નિગમનો કાર્યક્રમ :

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં અનુસુચિત જાતિની વસ્તી ૪ ૮૦ લ ખ કુટુ બો થઈ ૨૪ લાખની છે. આવા કુટુંબોને નક્કી કરેલી યોજનાઓ દ્વારા આવકનુ સાધન પુરુ પાડીને ગરીબી રેખા નીચેથી ઉપર લાવવાનો કાર્યક્રમ ઘડીને ૬ઠી પંચવર્ષીય યોજનામાં ૨ ૪૦ લાખ કુટુ બોને જરુરી સંસ્થાકીય ધિરાણ મેળવી આપવાનો કાર્યક્રમ નિગમ દ્વારા ઘડવામાં આવેલો છે.

## ઓડિટર્સ :

કંપની ધારા ૧૯૫૬ની કલમ ૬૧૯ (૨) અન્વયે કંપની લૉ બોર્ડ દ્વારા ચાલુ વર્ષ માટે અમદાવાદના મેસર્સ પી એન. વડવાલા એન્ડ કું., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુક કરવામાં આવેલી છે વર્ષ '૮૩-૮૪' માટે પણ તેઓની જ નિમણુક કરવામાં આવેલી છે.

## કર્મચારી ગણની માહિતી :

કંપની ધારા ૧૯૫૬ની કલમ ૨૧૭ (૨-અ) તેમજ કંપની (કર્મચારીની વિગતો) નિયમો ૧૯૭૫ પ્રમાણે આ અહેવાલના ભાગરૂપ જરુરી માહિતી પરિશિષ્ટ -અ માં આપવામાં આવેલી છે.

## ભારતના કોમ્પ્ટ્રોલર અને એકાઉન્ટન્ટ જનરલ દ્વારા કલમ ૬૧૯ (૪) મુજબ આપવામાં આવેલ હિસાબનો અહેવાલ :

૩૧-૩-૮૩ના રોજ પુરા થતા હિસાબો ઉપર ભારતના કોમ્પ્ટ્રોલર અને એકાઉન્ટન્ટ જનરલ દ્વારા કલમ ૬૧૯ (૪) મુજબ આપવામાં આવેલો અહેવાલ સંચાલક મંડળના અહેવાલના ભાગરૂપ પરિશિષ્ટ-બ માં આપવામાં આવેલો છે.

## આભાર :

આપના નિગમના સંચાલકો ગુજરાત સરકારે તથા ભારત સરકારે કંપનીને આપેલ સહકાર બદલ કદર કર્યાની નોંધ લેવડાવવા ઇચ્છે છે. આપના સંચાલકો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સબંધિત મંત્રીઓ અને અધિકારીઓ અને જાહેર તથા ખાનગી સસ્થાઓ, બેંકો, નિગમો અને બોર્ડના અધિકારીઓનો તેમના કિંમતી માર્ગદર્શન તેમજ કંપનીને લગતી બાબતમાં ઊંડો રસ ધરાવવા બદલ આભાર માને છે. અને સમીક્ષા હેઠળની મુદત દરમિયાન કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓએ બજાવેલી કિંમતી સેવાઓની પણ કદર કરે છે.

સંચાલક મંડળ વતી
રેવાભાઈ પરમા[r]
અધ્યક્ષ

ગાંધીનગર.
તારીખ :-૨૭-૩-૮૭

# પરિશિષ્ટ-અ

કંપની ધારા પ્રમાણે ૧૯૫૬ની કલમ ૨૧૭ (૨-અ) તેમજ કંપનીઝ (કર્મચારીઓની વિગતો) નિયમ ૧૯૭૫ પ્રમાણે, તા. ૩૧-૩-૮૩ના રોજ પુરા થતા હિસાબો ઉપરના સંચાલક મંડળના અહેવાલ રૂપ જરૂરી માહીતી :

| અ. નં. | નામ અને હોદ્દો | કુલ મહેતાણું | અભ્યાસ | નોકરીમાં જોડાયાની તારીખ | ઉંમર (વર્ષ) | છેલ્લી નોકરીની વિગત |
|---|---|---|---|---|---|---|
| | શ્રી સી. આર. સમાજપતી મેનેજીંગ ડીરેક્ટર | ૪૯,૮૬૬ | આઈ. એ. એસ. | ૪-૧-૮૧ (પ્રતિનિયુક્તિ પર) | ૪૩ | ગુજરાત વેરહાસીંગ કોર્પો. |

પરિશિષ્ટ બ : કંપની ધારા ૧૯૫૬ની કલમ ૬૧૯(૪) અન્વયે, મહાલેખાકારે તૈયાર કરેલ હિસાબો પરન
સમીક્ષા :

## ૧. નાણાંકીય પરિસ્થિતિ :

નીચેના કોઠામાં છેલ્લા ત્રણ હિસાબી વર્ષોની નાણાંકીય પરિસ્થિતિ દર્શાવવામાં આવેલી છે

| | ૧૯૮૦-૮૧ (૨૨ નવેમ્બર થી ૩૧-૩-૮૧) | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ |
|---|---|---|---|
| | | (રૂા. લાખમાં) | |
| **જવાબદારીઓ :** | | | |
| (અ) ભરપાઇ થયેલી મૂડી | ૧૨૧,૯૧ | ૨૦૦,૦૦ | ૨૦૦,૦૦ |
| (બ) અનામતો અને વધારો | ૧૬,૨૯ | ૧૬,૨૯ | ૧૬,૨૯ |
| (ક) ખર્ચ કરતાં આવકનો વધારો | — | ૨૦,૧૯ | ૩૮,૧૯ |
| (ડ) ઉછીના લીધેલા નાણાં : | | | |
| ૧. બેંકો પાસેથી લોન | ૧૯૬,૧૪ | ૨૩૩,૬૧ | ૨૭૭,૫૭ |
| ૨. સરકારશ્રીની લોન | ૪,૦૧ | ૪,૦૧ | ૪,૦૧ |
| ૩. અન્ય લોન | — | — | — |
| (ઇ) વેપારી દેવા અને ચાલુ જવાબદારીઓ | ૧૭૨,૪૪ | ૩૮૩,૭૧ | ૪૩૨,૨૬ |
| કુલ : | ૫૧૦,૭૯ | ૮૫૭,૮૧ | ૯૬૮,૩૨ |
| **મિલ્કતો :** | | | |
| (અ) કુલ સ્થાયી મિલ્કતો | ૧,૮૮ | ૪,૯૦ | ૬,૧૦ |
| (બ) બાદ : ઘસારો | ૦,૨૮ | ૦,૮૧ | ૧.૦૮ |
| (ક) ચોખ્ખી સ્થાયી મિલ્કતો | ૧.૬૦ | ૪,૦૯ | ૫,૦૨ |
| (ડ) ચાલુ મિલ્કતો લોન અને એડવાન્સીઝ | | | |
| ૧. ચાલુ મિલ્કતો | ૩૩૪,૮૬ | ૫૦૬,૭૭ | ૭૦૦,૫૬ |
| ૨. લોન અને એડવાન્સીઝ | ૧૭૨.૮૧ | ૩૪૬,૧૮ | ૨૬૨,૬૫ |
| (ઇ) પરચુરણ ખર્ચ નહી માંડીવાળેલ | ૦,૭૭ | ૦,૭૭ | — |
| (ફ) આવક કરતાં ખર્ચનો વધારો | ૦.૭૫ | — | — |
| કુલ | ૫૧૦,૭૯ | ૮૫૭,૮૧ | ૯૬૮,૩૨ |
| રોકાયેલી મુડી | ૩૩૬.૮૩ | ૪૭૩.૩૩ | ૫૩૬.૦૬ |
| ચોખ્ખી (ધંધાની) કિંમત | ૧૨૦.૩૯ | ૨૧૯.૪૨ | ૨૩૮.૧૯ |

## ૨. મૂડી માળખુ :

કંપનીની મૂડી-દેવાનો ગુણોત્તર નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| ૧૯૮૦-૮૧ | ૧,૬૪ : ૧ |
| ૧૯૮૧-૮૨ | ૧.૧૯ : ૧ |
| ૧૯૮૨-૮૩ | ૧.૪૧ : ૧ |

## ૩. અનામતો અને વધારો :

તા. ૩૧-૩-૮૩ના રોજ અનામત અને વધારાની રકમ રૂા. ૫૪.૪૮ લાખ હતી જે તા. ૩૧-૩-૮૨ના રૂા. ૩૬.૪૮ લાખની હતી. અનામતો અને વધારાની રકમ, વર્ષ ૧૯૮૨-૮૩ દરમ્યાન કુલ જવાબદારીઓના ૫.૬૩% ઇક્વીટી મૂડીના ૮.૧૫% જેટલી હતી, જે વર્ષ ૧૯૮૧-૮૨ માં અનુક્રમે ૪.૨૫% અને ૮.૧૫% જેટલી હતી

## ૪. કામકાજના પરિણામો :

| | ૧૯૮૦-૮૧ (૨૨ નવેમ્બર ૧૯૭૯ થી ૩૧-૩-૧૯૮૧) | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ |
|---|---|---|---|
| | | (રૂા. લાખમાં) | |
| ૧. આવક | ૨૫.૦૩ | ૪૨ ૫૮ | ૬૨.૯૦ |
| ૨. ખર્ચા | | | |
| (અ) પગાર અને અન્ય ખર્ચ | ૭ ૭૫ | ૧૨ ૯૪ | ૧૯.૭૨ |
| (બ) લોન પરનું વ્યાજ | ૫ ૪૧ | ૮.૦૦ | ૧૦.૧૭ |
| (ક) શકમંદ લેણા અને સીમાંત નાણાં ડિપોઝીટ માટેની જોગવાઈઓ | ૧૨ ૬૨ | ૦.૦૦ | ૧૫.૦૧ |
| ૩. ખર્ચ કરતા આવકનો વધારો વધારો (+) / ઘટાડો (-) | (-) ૦ ૭૫ | ૨૦.૯૪ | ૧૮.૦૦ |
| ૪. આવકના વધારાની ટકાવારી. | | | |
| (અ) રોકાયેલી મૂડી પર | — | ૪.૪૨ | ૨.૩૬ |

નોંધ : ૧. રોકાયેલી મૂડી એટલે કે ચોખ્ખી સ્થાયી મિલ્કતો વત્તા ચાલુ મૂડી.
૨. ચોખ્ખી (ધંધાની) કિંમત એટલે કે શેરમુડી વત્તા મુક્ત અનામતો નરનું ખાતાની બાકી બાદ પરચૂરણ ખર્ચ નહીં માંડીવાળેલા.

| | | | |
|---|---|---|---|
| (બ) ચોખ્ખી ધંધાની કિંમત પર | — | ૯.૫૪ | ૭.૫૬ |
| (ક) ઈક્વીટી મૂડી પર | — | ૧૦.૪૭ | ૯.૦૦ |
| ૫. કુલ આવક સામે વહીવટી ખર્ચની ટકાવારી | ૩૧ ૦૦ | ૩૦.૩૯ | ૩૧.૩૫ |

## ૫. લોન્સ અને એડવાન્સીઝ :

(અ) નીચેના કોઠામાં, છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનની ચૂકવેલી લોન, પરત કરેલી લોન તથા આખરની બાકી લોનની વિગતો આપેલી છે.

| વર્ષ | શરૂઆતની બાકી | વર્ષ દરમ્યાનની ચૂકવેલી લોન. | વર્ષ દરમ્યાન પરત કરેલી રકમ | આખરની બાકી (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧૯૮૦-૮૧ (૨૨ નવેમ્બર થી ૩૧-૩-૮૧) | કંપની દ્વારા માહિતી પુરી પાડેલ નથી. | | | ૧૯૬.૧૪ |
| ૧૯૮૧-૮૨ | ૧૯૬.૧૪ | ૧૧૧.૩૬* | ૭૩.૮૯* | ૨૩૩.૬૧ |
| ૧૯૮૨-૮૩ | ૨૩૩.૬૧ | ૧૨૪.૫૪* | ૮૦.૫૮* | ૨૭૭.૫૭ |

૧. * સદર રકમમાં વ્યાજની રકમ પણ સમાવિષ્ઠ છે.

૨. દર વર્ષે ચૂકવવાપાત્ર બાકી મુદ્દલ, સમય પ્રમાણે ચૂકવવાપાત્ર બાકી લોનનું તેમજ વ્યાજનું પૃથ્થકરણ વગેરે જેવી માહિતી કંપની તરફથી આપવામાં આવેલી નથી.

૩. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા આપવામાં આવેલી ટીકા-ટીપ્પણોની અસરો આ અહેવાલ તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવેલ નથી.

તારીખ : ૧૨-૨-૧૯૮૭.
સ્થળ : ગાંધીનગર.

મહાલેખાકાર

# ઓડીટર્સ રીપોર્ટ

અમોએ આ સાથે સામેલ કરેલ ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી, નું તા. ૩૧-૩-૮૩ના રોજનુ સરવૈયુ તેમજ તેની સાથે સામેલ કરેલ તેજ તારીખે પુરા થતા વર્ષના ઉપજ ખર્ચ ખાતાના હિસાબોને તપાસ્યા છે અને અમો નીચે પ્રમાણે રીપોર્ટ કરીએ છીએ :-

૧. અમોને અમારા ઓડીટ માટે જરુરી એવી તમામ માહિતી અને ખુલાસાઓ મળેલા છે.

૨. અમારા મંતવ્ય પ્રમાણે તેમજ અમોએ તપાસણી કરી છે તેને આધારે, કંપનીએ કાયદા પ્રમાણે રાખવાના જરુરી હિસાબો રાખેલા છે.

૩. પાકુ સરવૈયુ તેમજ ઉપજ ખર્ચ ખાતુ હિસાબો સાથે મળી રહેલ છે

૪. અમારા મંતવ્ય પ્રમાણે હિસાબો રાખવાની પદ્ધતિમાં કેટલીક તૃટીઓ રહેલી છે અને આંતરિક અંકુશની પદ્ધ અપૂરતી છે

૫. અગાઉના વર્ષોમાં સરવૈયુ રૂા ૨૦, ૯૪૨/- નો તફાવત હતો, ચાલુ વર્ષના હિસાબોમાં આ તફાવતને આમળ ખેંચવા આવ્યાં છે.

૬. ચાલુ વર્ષ દરમ્યાન કંપનીનો મુખ્ય ધંધો સરકારશ્રી તેમજ નાણાંકીય સંસ્થાઓ પાસેથી જરુરી ફંડ ઉપલબ્ધ કરી અનુસુચિત જાતિના સભ્યોને લોન તેમજ સબસીડી આપવાનો છે.

૭. કંપનીના બેંક સાથેના ઘણા ખાતા એકજ અધિકારીની સહીથી ચલાવવામાં આવેલા છે, મોટા ભાગની ચૂકવ મેનેજર (નાણાં) ની સહીથી લખાયેલા ચેકો દ્વારા કરવામાં આવી છે. અમારા મંતવ્ય પ્રમાણે કંપનીના કામકાજ વ્યવહારોને ધ્યાનમાં રાખતાં આ પ્રકારની પદ્ધતિ અસરકારક અંકુશ માટે અપૂરતી છે. હિસાબી શાખામાં કામ ક ઓછામાં ઓછા બે જવાબદાર અધિકારીઓની સહીથી બેંક ખાતાઓ ચલાવવા જોઈએ.

૮. આ સાથે સામેલ કરેલ પાકુ સરવૈયુ તેમજ ઉપજ ખર્ચ ખતુ સામાન્ય ખાતાવહીમાં આવેલા કુલ લોનના ખા ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલુ છે

૯ નિગમ દ્વારા મહેસાણા જિલ્લા પંચાયતને, અનુસુચિત જાતિના સભ્યોને દુધાળા ઢોરની ખરીદી કરવા માટે રૂા. લાખ આપવામં આવેલ હતા. જો કે છેલ્લા હિસાબી વર્ષના અંત સુધી કયાં લાભાર્થીને લોન આપવામાં છે તેમજ તે અંગેના જરુરી દસ્તાવેજો કંપનીએ મેળવેલા નથી. આ ઉપરાંત વર્ષ '૮૨-૮૩' દરમ્યાન વ્યાજ સ કોઈપણ પ્રકારની રકમ આ પેટે વસુલ આવેલી નથી. વર્ષના અંતે રૂા. ૯, ૨૪, ૪૭૧/-ની રકમ બાકી નીકળે પાકા સરવૈયામાં "લાભાર્થીઓને ધિરાણ" ના મથાળા હેઠળ દર્શાવવામાં આવેલી છે.

૧૦ અગાઉના પ્રાથમિક ખર્ચની રકમ રૂા. ૭૬, ૯૬૫/- "પરચૂરણ ખર્ચ" એ સદર હેઠળ સરવૈયામાં બતાવેલી છે ચાલુ વર્ષમાં વધારવામાં આવેલી શેરમુડીની રકમ પેટે ચુકવવામાં આવેલી રૂા. ૬૭, ૫૦૦/-ની ફીની રકમ વાળવામાં આવેલી છે. અમારા મંતવ્ય પ્રમાણે આવી રકમ ૩ થી ૫ વર્ષના ગાળામાં સરખા હિસ્સે માંડી વ જોઈએ.

૧૧ અનુસુચિત જાતિઓ માટે વર્ષ ૮૨-૮૩ દરમ્યાન રાજ્ય સરકાર તરફથી રૂા. ૨૧ લાખની સહાય મંજુર ક આવેલી છે. આ પૈકી રૂા. ૬, ૦૭, ૧૩૨/- ની રકમ વણવપરાયેલી રહેલી છે, જે નિગમ તરફથી રાજ્ય સ પરત કરવામાં આવેલ નથી. આજ પ્રમાણે વણવપરાયેલી કુલ સબસીડી રૂા ૩૩, ૭૩, ૧૬૨/- (ઉપર જણાવે ૬, ૦૭, ૧૩૨/- ની સહાય સહિત) કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારને પરત કરવામાં આવેલ નથી. આ રકમ સરવૈયામાં "ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ" ના મથાળા હેઠળ બતાવવામાં આવેલી છે. આ રકમ મળેલ વ્યાજની આવક વ્યાજ ખાતે જમા કરવામાં આવેલી છે અને જે તે સહાય ખાતા પેટે અલગ જમા આવેલી નથી. એવી માહિતી આપવામાં આવેલી છે કે આની વણવપરાયેલી સહાયની રકમ રૂા. ૩૩, ૭૩, પછીના વર્ષમાં વાપરવામાં આવશે

૧૨. નિગમ નાચોપડામાં તા. ૩૧-૩-૮૩ના રોજ "બીસીકે લોન-સમાજ કલ્યાણ" એ મથાળા હેઠળ રૂા. ૨, ૦૦, ૭૭૫/- ની રકમ બાકી દેવા તરીકે બતાવવામાં આવેલી છે. જે બાબતમાં પણ વ્યકિતગત લાભાર્થીઓના નામ તેમજ તે અંગેના જરુરી દસ્તાવેજો નિગમ પાસે ઉપલદ્ધ નથી. આ ખાતામાં બતાવવામાં આવેલ ઉધાર રકમ નિગમે જુની પ્રવૃત્તિઓ લઈ લીધેલી છે તેના અગાઉના અનુસુચિત જાતિ આર્થિક વિકાસ કોપરેશનના ચોપડામાંથી ખેંચાયેલી છે પાકા સરવૈયમાં આ રકમ "લાભાર્થીઓને ધિરાણ" તે મથાળા હેઠળ દર્શાવેલ છે.

૧૩. ભરપાઈ થયેલી મુડી તેમજ અનામતોની રકમ રૂા. ૨, ૧૬, ૨૮, ૬૧૭/- ની છે. જ્યારે ઊછીની લેવામાં આવેલી લોનની રકમ રૂા. ૨, ૮૧, ૫૭, ૮૫૫/- છે, એટલે કે ઉછીની લેવામાં આવેલી લોનની રકમ રૂા. ૬૫, ૨૯, ૨૩૮/- થી વધુ છે

અમારા મંતવ્ય પ્રમાણે આટલે અંશે કંપની કાયદા ૧૯૫૬ની કલમ ૨૯૩ (ડી) નો ભંગ થયેલો છે.

૧૪ (અ) શકમંદ લહેણાં માટે વર્ષના અંતે રહેલ બાકીના ૫% મુજબ સંચાલક મંડળીએ નક્કી કરેલા ઠરાવને આધારે જોગવાઈ કરવામાં આવેલી છે. અમારા મંતવ્ય પ્રમાણે આવી ઉચ્ચક જોગવાઈ એ ખૂબજ અપૂરતી છે. અને નહીં મળવાપાત્ર લોનની સાચી પરિસ્થિતિ દર્શાવતી નથી. ખાસ કરીને પાકા સરવૈયાની તારીખે જ્યારે ૮૦% જેટલા ખાતાઓ મુદતવીતી બની ગયા છે ત્યારે દરેક ખાતાની પૂરતી ચકાસણી કરીને શકમંદ લહેણાની રકમ નક્કી કરવી જોઈએ.

(બ) ઉપર જણાવ્યા પ્રમાણેની પરિસ્થિતિમાં અને વસુલાતની અસંતોષ ભરેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા તેમજ વ્યકિતગત ખાતાવહીમાં રહેલી ક્ષતિ ધ્યાનમાં રાખતા શકમંદ લેણા માટે કરેલી ૫ ટકાની જોગવાઈનો નિર્ણય યોગ્ય છે કે કેમ ? તે કહેવા માટેની પરિસ્થિતિમાં અમે નથી.

૧. અમારા ઓડીટ દરમ્યાન જોવામાં આવેલી ઘણી ભુલોને ઓડીટ દરમ્યાન સુધારવામાં આવેલ છે. કંપનીના ધંધાના પ્રકારને લક્ષમાં લેતાં તેમજ હિસાબી વ્યવહારના જથ્થાને લક્ષમાં લેતાં તેમજ સ્ટેચ્યુટરી ઓડીટ દ્વારા કરવામાં આવેલી ટેસ્ટ ઓડીટને લક્ષમાં લેતાં દરેક ભુલો તેમજ અનિયમિતતાઓ અંગે રીપોર્ટ કરવો શક્ય નથી. ખાસ કરીને હિસાબો રાખવાની પધ્ધતિમાં રહેલ ક્ષતિઓ તેમજ હિસાબો રાખવાની પધ્ધતિ ઉપર યોગ્ય અને પુરતી દેખરેખનો અભાવ તેમજ કંપનીના પ્રકાર અને ધંધા પ્રમાણે અપુરતી આંતરીક ઓડીટની પધ્ધતિ અને સામાન્ય ખાતાવહી તેમજ વ્યકિતગત ખાતાવહીઓ વચ્ચે રહેલ નોંધપાત્ર તફાવત તેમજ કંપનીના બેંક ખાતઓ પૈકી કેટલાક ખાતાની મેળવણીમાં રહેલ તફાવત વિગેરેને લક્ષમાં લેતાં એ સ્પષ્ટ છે કે દરેક તફાવત અને ક્ષતિઓની અસરો નક્કી કરવી ખુબજ મુશ્કેલ છે અને તે જરૂરી ઊંડાણથી ચકાસણી કરવી જરૂરી છે

અમારા મંતવ્ય પ્રમાણે અને અમારી માહિતી અને જાણમુજબ અમોને આપવામાં આવેલા ખુલાસાઓ મુજબ તેમજ અત્રે જણાવેલા અન્ય મુદ્દાઓને આધીન પાકુ સરવૈયુ અને તે સાથે સામેલ કરેલ પરિશિષ્ટ ૧ થી ૫ તેમજ ઉપજ ખર્ચ ખાતુ, તેના ઉપર આપવામાં આવેલી નોંધને સાથે વાંચતાં. ભારતીય કંપની ધારા ૧૯૫૬ની જોગવાઈઓ મુજબ જરૂરી માહિતી પુરી પાડે છે, અને કંપનીના વર્ષ દરમ્યાનના વ્યવહારોની પરિસ્થિતિનો સાચો અને વ્યાજબી અહેવાલ રજૂ કરે છે અને ઉપજ ખર્ચ ખાતું વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકના વધારાનું સાચો અને વાજબી અહેવાલ આપે છે.

૨. ભારતના ૧૯૭૫ ઉત્પાદકીય અને અન્ય કંપનીઓ (ઓડીટર્સ અહેવાલ) ના હુકમમાં જણાવ્યા અનુસાર અને કંપનીના ચોપડા અને રેકર્ડની જરૂરી ચકાસણીના આધારે તેમજ અમારા ઓડીટ દરમ્યાન અમને પુરી પાડવમાં આવેલી માહિતી અને કરેલા ખુલાસાના આધારે અમે વધુમાં જણાવીએ છીએ કે અમારા મતે :-

૧. કંપની દ્વારા તેની સ્થાયી મિલ્કતોની પ્રમાણ વિષયક વિગતો અને સ્થિતિ સહિતની સંપૂર્ણ વિગતો દર્શાવતા યોગ્ય રેકર્ડ રાખ્યા નથી. કંપનીએ વર્ષ દરમ્યાન કે ત્યાર પછી કંપનીની સ્થાયી મિલ્કતોની પ્રત્યક્ષ ખરાઈ કરી નથી

૨. વર્ષ દરમ્યાન કંપનીની સ્થાયી મિલ્કતોનુ પુન: મુલ્યાંકન કર્યું નથી.

૩. કંપની પાસે ફકત પિતળના દુધના દેગડાઓનો સ્ટોક હતો તે તા. ૩૧-૩-૮૩ના રોજ ૯૨૩ દેગડાઓનો હતો અને જેની રકમ રૂા. ૮૭,૫૫૪/- હતી. વર્ષ દરમ્યાન દેગડા ડીપોઝીટ ખાતે કુરહેલી રૂા. ૪૫,૫૦૦/- ની જમા રકમ તેમજ દેગડા સહાયની રૂા. ૧,૭૭,૩૩૧/- પૈકી રૂા. ૪૧,૧૭૭.૭૦ પૈસાની રકમ દેગડા ખાતે તબદીલ કરવામાં આવેલી છે. કારણ કે તે રકમ અગાઉના વર્ષોમાં મળેલ ૯૦૬ દેગડાઓના વિતરણ પેટે દેગડા ખાતે જમા લેવાને બદલે દેગડા ડીપોઝીટ ખાતે જમા લેવામાં આવી હતી.

હવે આ રીત સુધારો કરવામાં આવેલો છે અને તેને પરિણામે રૂા. ૪૫૪૫ના દરે, રૂા. ૪૧,૧૭૧ અને ૭૦ ટે
દેગડા સહાયની રકમ પણ દેગડા સહાય ગ્રાન્ટમાંથી દેગડા ખાતે ચાલુ વર્ષમાં તબદીલ કરવામા આવેલી છે. કંપની
જુદ જુદા કેન્દ્રો ઉપર રહેલ દેગડાઓના સ્ટોકની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવેલી નથી, વળી આવા કેન્દ્રો
કબુલાત પત્રો પણ મળેલા નથી. કંપનીના હિસાબે પ્રમાણે તેમજ કંપનીના હિસાબો પ્રમાણેના સ્ટોક મુજબ
દેગડાની ઘટતી કોઇ હવાલા નેધ પાડવામાં આવેલી નથી. આ સ્ટોકમાંથી ફળીભુત થનાર આખરી ઘટ માટે
જોગવાઈ પણ કરવામા આવેલી નથી

આ ઉપરની હકીકતને આધીન અમને સંતોષ થયો છે કે, સામાન્ય રીતે સ્વીકારેલા સિધ્ધાંતો અનુસાર સ્ટોકનું મુ
વ્યાજબી અને યોગ્ય છે.

૪ કંપનીએ જેમને લોનો આપી છે તેવી ઘણી વ્યકિતઓ નિર્દિષ્ટ કર્યા મુજબની મુદ્દલ રકમો પરત ચુકવતી
અને વ્યાજ ચૂકવવામાં પણ નીયમિત નથી કંપનીએ આપેલ લોન પૈકી વર્ષના અંતે રૂા. ૨,૫૬,૬૭.૬૧૬ ની
બાકી લહેણા પેટે ૨૪ હજાર કરતાં વધુ વ્યકિગત ખાતામાં બાકી નીકળતા હતા. આમ છતાં કંપનીએ
મુદ્દલ રકમ તથા તેના પરના વ્યાજની વસુલાત માટે વ્યાજબી પગલાં લીધેલા નથી. એટલું જ નહિં
કસુરદાર લોન લેનારાઓને યાદ પત્રો પણ લખી મોકલ્યા નથી. પરિણામે હિતાધિકારીઓ પાસેથી વસુલ
રકમમાં ઘણો મોટા વધારો થયો છે.

કંપની દ્વારા જેમને લોન આપેલી છે તેવી વ્યકિતઓ પાસેથી સીલંકનુ સમર્થન આપતા કબુલાત પત્રો મેળ
કોઇ પ્રયત્ન થયો નથી.

૫. ઉપરના ફકરાઓમાં કહેવામાં આવ્યું છે તેને આધારે તેમજ આ રિપોર્ટ સાથે જોડવામાં આવેલા પરિ
પ્રમાણે એ ફલીત થાય છે કે, કંપની પાસે તેના ધંધાના પ્રમાણ અને પ્રકારને અનુરૂપ આંતરીક ઓડીટ પદ્ધતિ

૬. સામાન્ય રીતે કંપની યોગ્ય તંત્રમાં લહેણું નીકળતુ પ્રોવીડંટ ફંડ, અનામત તરીકે મુકવામાં નિયમિત છે.

૭. કંપનીએ શેર, ડીબેન્ચર અને એવા બીજી જામીનગીરીઓ ગીરે રાખીને કોઇપણ પ્રકારની લોન કે એડ
આપેલ નથી.

૮. ચીટફંડ, નીધી વગેરે પરસ્પર લાભ મંડળીઓને લાગુ પડેલી કોઇ ખાસ પ્રકારની જોગવાઇઓ કંપનીને
પડતી નથી.

૯. કંપની શેર જામીનગીરીઓ, ડીબેન્ચરો અને બીજા મુડી રોકાણ અંગેની કામગીરી કે ધંધો કરતી નથી.

તારીખ :- ૨૦-૧-૮૬.
સ્થળ :- અમદાવાદ.

પી. એન. વડવાલા એન
ચાર્ટર્ડ એકા
પી. એન. વડવાલા ભાગ

# પરિશિષ્ટ-૧

તા. ૩૧-૩-૮૩ના રોજ પુરા થતા વર્ષ માટેના ઓડિટર્સના તા. ૨૦-૧-૮૬ના રીપોર્ટના ભાગ૩૫.

**બેંક મેળવણી પત્રકો બાબત**

(અ) **નીચે** પ્રમાણેના બેંક મેળવણી પત્રકો તૈયાર કરવામાં આવેલા નથી.

| અ. નં. | બેંકનું નામ | ખાતાનો પ્રકાર | નિગમના લેજર પ્રમાણે બાકી | બેંક પાસબુક મુજબ બાકી | તફાવત |
|---|---|---|---|---|---|
| ૧. | બેંક ઓફ બરોડા | ચાલુ ખાતુ નં. ૧૧૮ | ૬,૮૭.૭૯૨ ૮૫ | ૬,૫૪,૪૫૬.૦૬ | ૩૩,૩૩૬.૭૯ |
| | | લોન ખાતુ | ૪૭,૪૭,૧૦૮.૨૩ | ૫૦,૩૭,૦૩૪.૧૨ | ૨,૮૯,૯૨૫.૮૯ |
| | | ચાલુ ખાતુ નં. ૪૫૫૦ | ૯૨,૪૩૪ ૮૫ | ૧,૭૧,૩૪૧.૬૭ | ૭૮,૯૦૬.૮૨ |
| | | નં. ૪૩૬૦ | ૩૩૬.૬૦ | ૪૭૭.૫૦ | ૧૪૦.૯૦ |
| ૨. | પંજાબ નેશનલ બેંક | ચાલુ ખાતુ નં. ૯૮ | ૨૭,૦૫૩.૦૦ | ૩૮,૧૫૫.૯૫ | ૧૧.૧૦૨.૯૫ |
| ૩. | સેન્ટ્રલ બેંક | ચાલુ ખાતુ | ૨,૧૭૪.૩૦ | ૨,૩૮૨.૩૦ | ૨૦૮.૦૦ |
| | | નં. ૧૩૮૫ | ૧૪.૧૦,૩૧૮.૧૧ | ૧૩,૯૯,૨૪૯.૩૬ | ૧૧,૦૬૮ ૭૫ |
| | | નં. ૧૪૮૧ | ૧,૮૬,૬૨,૨૨૦.૨૭ | ૧,૮૮,૫૫,૭૧.૭૪ | ૧,૯૨,૮૫૧.૪૭ |
| | | નં. ૧૭૬૯ | ૨,૪૦,૨૯૮.૭૦ | ૪,૮૨,૨૦૪.૦૫ | ૨૪૧,૯૦૫.૩૫ |
| ૪. | દેના બેંક | ચાલુ ખાતુ. | ૬૯,૭૬૪.૦૦ | ૧૦,૯૧૦.૦૦ | ૫૮,૮૫૪.૦૦ |
| ૫ | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર | ખાતા નં. ૫૧ | ૧,૬૧,૯૩૨.૬૯ | ૧,૦૮,૮૦,૨૭૬.૬૯ | ૧,૦૭૧૮,૩૪૪.૦૦ |

(બ) નીચેની બેંકો માટે, બેંકના કબુલાત પત્રો જોવા મળેલ નથી.

| અ નં. | બેંકનું નામ | ખાતાનો પ્રકાર |
|---|---|---|
| ૧. | બેંક ઓફ બરોડા | બચત ખાતા નં. ૧૧૯ |
| ૨. | દેના બેંક | ચાલુ ખાતા નં. ૪૩૨ |
| ૩. | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર | કલેકશન ખાતા નં. ૭૦૯ |
| ૪. | કેનેરા બેંક | બચત ખાતા નં. ૬૮૬ |
| ૫ | સિન્ડિકેટ બેંક | બચત ખાતા નં. ૩૯૧૨ |
| ૬. | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા | ખાતા નં. ૭૧૦૩ |

પરિશિષ્ટ : ૨

## તા. ૩૧-૩-૮૯ના રોજ પુરા થતાં વર્ષના હિસાબોના ઓડીટ રીપોર્ટના ભાગરૂપ :

### હિસાબો રાખવાની પધ્ધતિ બાબત.

૧. હિસાબો રાખવાની પધ્ધતિ એવી છે કે જેમાં કાચુ સરવૈયુ સામાયક ધોરણે તૈયાર થઇ શકે તેમ નથી.

૨. જો કે કંપની દ્વારા લાખો રૂપિયાના વ્યવહારો જુદી જુદી બેંકો સાથે કરવામાં આવે છે. આમ છતાં સૌ પ્રથમ-વાર ઘણા લાબા સમય પછી બેંક મેળવણી પત્રકો તૈયાર કરવામાં આવેલ છે. ઓડીટની તારીખ સુધીમાં પણ કેટલીક બેંકોને બેંક મેળવણી પત્રકો તૈયાર કરવામાં આવેલા નથી. (પરિશિષ્ટ-૧ મુજબ)

૩. તહેવાર પેશગી, પંખા પેશગી, સાયકલ પેશગી, અનાજ પેશગી, કર્મચારી વર્ગને પેશગી વિગેરે જેવી પેશગીઓ માટે કોઈ યોગ્ય રજિસ્ટરો રાખવામાં આવ્યા નથી કે જેથી જરૂરી વિગતો સહેલાઇથી મળી શકે.

૪. વાસ્તવમાં જોતાં નિયંત્રણ હિસાબો અને ગૌણ હિસાબો યોગ્ય રીતે જાળવવામાં આવેલ નથી અને જાળવવામાં આવ્યા છે તેઓનું પણ સમય અંતરે મેળવણુ કરવામાં આવતુ નથી. એટલે કે હિતાધિકારીઓના વ્યક્તિગત ખાતા ધરાવતા લોન રજિસ્ટરોના સરવાળાને સામાન્ય ખાતાવહીના સરવાળા સાથે મેળવવામા આવ્યા નથી.

૫. દરેક હિતાધિકારીને વ્યકિતગત ખાતામાં તેમજ લોન રજિસ્ટરમાં, આપવામાં આવેલી પહોંચને આધારે બારોબાર નોંધ કરવામાં આવેલી છે.

૬. કંપનીએ રાખેલા રોકડ મેળ સિવાયના રેકર્ડ જેવા કે ખાતાવાહી, બેંક ખાતાવાહી, વ્યકિતગત ખાતાવાહી વગેરેમાં છેકાછેકી, ઘુંટેલા અક્ષરો અને ફેરફારો છે. આ માટેનું મુખ્ય કારણ આવા હિસાબી રેકર્ડ એક કરતાં વધુ વ્યકિતઓ દ્વારા લખાયેલા છે. આ સંજોગોમાં કોઈ ચોકકસ વ્યકિત પર કશી જવાબદારી નકકી કરવી મુશ્કેલ છે/ બનશે.

૭. હિસાબી ચોપડાઓ કંપનીના કોઈ અધિકારીએ અધિકૃત કર્યા નથી કે જેથી નીચેની બાબતમાં હિસાબોના ખરાપણા અંગે કહી શકાય.

   ૧. હિસાબના ચોપડામાં નોંધો દાખલ કરવા બાબત.
   ૨. સરવાળાની ખરાઈ બાબત.
   ૩. ખાતાંવહીની ખરાઈ બાબત.
   ૪. છેકાછેકી, ઘુંટેલા અક્ષરો, કરેલા ફેરફારો બાબત.

૮. સમાજ કલ્યાણ અધિકારીઓને આપવામાં આવેલી પેશગીયોમાંથી કરેલો ખર્ચની વિગતને સમર્થન આપતા વાઉચરો તપાસણી માટે ઉપલબ્ધ નથી.

૯. નામંજુર થયેલા વીમાના કલેઈમ બાબત (જો કોઈ હોય તો) કોઈ જોગવાઈ કરવામાં આવેલી નથી.

૧૦. રસીદ બુકના વપરાશ બાબતની વિગતો ઉપલબ્ધ નથી.

૧૧. વ્યકિતગત ખાતાવાહી માટેનુ અનુક્રમણિકા રજીસ્ટર નિભાવવામાં આવેલુ નથી.

૧૨. ડેડ સ્ટોક અંગેનું રજીસ્ટર ઉપલબ્ધ નથી.

૧૩. જુદા જુદા પ્રકારની પેશગીઓ માટેના રજીસ્ટરો ઉપલબ્ધ નથી.

૧૪. આપવામાં આવેલી પેશગીઓ અંગે તેની વસુલાત માટે કોઈ અસરકારક અંકુશ પ્રથા નથી. વધુમાં જણાવવાનું કે પરત આપવામાં આવેલી પેશગીની રકમ માટે કોઈ રસીદ આપવામાં આવતી નથી. અમારા મંતવ્ય પ્રમાણે ખર્ચ ઉપરના પૂરતા અંકુશ માટે આવા પ્રકારની રસીદો આપવી જરૂરી છે.

૧૫. ગેજેટેડ ઓફીસરોને કરવામાં આવતી પગારની ચૂકવણી વાઉચરથી કરવામાં આવે છે. અમારા મંતવ્ય પ્રમાણે ગેજેટેડ આફીસરોના પગારની ચૂકવણી માટે પણ રજીસ્ટરો રાખવા સલાહભર્યા છે.

૧૬. સીમાંત નાણાં ડિપોઝીટની મુકવામાં આવેલી રકમની વિગતો ઉપલબ્ધ નથી.

આ સંદર્ભમાં મેનેજર (નાણાં)નો ખુલાસો નીચે પ્રમાણે છે.

"સીમાંત નાણાં ડીપોઝીટના નિયમોના નિયમોની શરત – ૫ મુજબ. સીમાંત નાણાં ડીપોઝીટની રસીદો, વ્યાજની ગણતરી, પાકતી મુદતે ડીપોઝીટ રીન્યુ કરવી અથવા તો પાકતી મુદતે ડીપોઝીટનું રોટાણ કરવુ વગેરે જવાબદારી જે તે બેંકની છે. અમે બેંકો દ્વારા સીમાંત નાણાંની માંગણી થયેથી ડીપોઝીટ કરીએ છીએ, કોઈપણ બેંકની માગણી ચૂકવાયા વગરની અથવા તો બાકી નથી."

૧૭. ઓડીટ દરમ્યાન અમે જોયું કે, નિગમ દ્વારા જુદા જુદા જીલ્લાઓમાંથી આવતી વસુલાત માટે મનીટ્રાન્સફરની પ્રથા દાખલ કરવામાં આવી છે. જો કે આ અંગે જુદા જુદા કેન્દ્રો તરફથી તબદીલ થઇને આવેલી રકમ, વ્યકિતગત ખાતામાં તેની ખતવણી તેમજ નિગમની ગાંધીનગર શાખામાં જમા કરાવવા બાબતના મેળવણા ઉપર કોઇ યોગ્ય અંકુશ રાખવામાં આવેલો નથી. જુદા જુદા જીલ્લામાંથી આવેલી વસુલાતો કે જેની પૂરતી વિગતો ઉપલબ્ધ નથી તેવી રકમ હિતાધિકારીઓ પાસેથી મળેલી પરચૂરણ વસુલાત ખાતે જમા કરવામાં આવી છે. આ ખાતુ પણ જે તે ધિરાણ સામે સરભર કરવાનું રહેશે.

૧૮. અમારા ઓડીટ દરમ્યાન એવું જોવા મળેલુ છે કે, બેંકના ખાતામાં જમા કરેલી/ઉપાડેલી રકમો કે જેની પૂરતી વિગતો ઉપલબ્ધ નથી એવી રકમને "ડીપોઝીટ" સદરે નોંધવામાં આવેલી છે. આ ખાતુ સરભર કરવાનું રહેશે.

૧૯. નિગમ દ્વારા જુદી જુદી યોજનાઓના જીલ્લાવાર ખાતા રાખવામાં આવતા હતાં જો કે વર્ષ દરમ્યાન, યોજના પ્રમાણેના જુદા જુદા ખાતાઓ લાભાર્થીને જીલ્લાવાર ધિરાણ ખાતે તબદીલ કરવામાં આવ્યા છે. જો કે વધુ વિગત માટે આ અંગે જરૂરી રજીસ્ટરો રાખવાના રહેશે.

તા. ૩૧-૩-૮૩ના રોજ પુરા થતા વર્ષના હિસાબોના ઓડીટ રીપોર્ટના ભાગરૂપ.

લોનના પેટા રજીસ્ટરો બાબત.

કંપની દ્વારા જેઓને લોન આપવામાં આવી છે તેની વ્યકિતઓનાં ૨૪ હજાર કરતાં વધુ વ્યકિગત ખાતાં છે વ્યકિગત લોન ખાતાઓની અલગ પેટા ખાતાવહીઓમાં જાળવણી કરાય છે, જે કોઈ સામાન્ય ખાતાવહીઓ સાથે યોગ્ય નિયંત્રણ હિસાબ રાખવામાં આવે છે. પેટા ખાતાવહીઓ તથા સામાન્ય ખાતાવહીઓમાં યોગ્ય હિસાબો લખવાની પદ્ધતિ ભરેલા છે વ્યકિતગત ફાઈલ કરલ કસ પટા ખાતાવહી અને ચેક રજીસ્ટરની સામાન્ય સમીક્ષા ઉપરથી નીચેની બાબતો ધ્યાનમાં આવી હતી

૧. નોંધોની ખરાઈના પ્રતિકરૂપે પેટા ખાતાની ખતવણી ઉપર કોઈ જવાબદાર અધિકારીની કયારેય સહી થયેલી નથી.

૨. ઓડીટ હેઠળના સમય દરમ્યાન એમ જણાયુ હતું કે, પેટા ખાતાંવહીમાંથી સીલક તારવીને સામાન્ય ખાતાવહી અનુસાર અનુરૂપ સીલક સાથે મેળ બેસાડવાનો કોઈ પ્રયત્ન કરાયો ન હતો. પેટા ખાતાવહીઓની સીલકો અને સામાન્ય ખાતાવહીની સીલકનો મેળ મળતો નહતો અને ખાતાનો મેળ બેસાડવાનો કશો પ્રયાસ કરાયો નહતો પેટા/સામાન્ય ખાતાવહીઓમાં સખ્યાબાદ આંકડા છુટેલા હતા.

૩. મોટાભાગના વ્યકિતગત કિસ્સામાં વસુલાત ત્વરીત નહતી અને રકમો વસુલાત કરવાની બાકી હતી. જેના ઉપર નિગત દ્વારા નકકી ર્ક્યા પ્રમાણેનુ દંડનીય વ્યાજ વસુલ કરવુ જોઈએ તેમ શરત હોવા છતાં કોઈ દંડનીય વ્યાજ વસુલ કરાયુ નહતું

૪. ખતવણીના ખરાઈના પ્રતિક રૂપે ચેક ડીપોઝીટ રજીસ્ટરમાં કોઈ જવાબદાર અધિકારીની સહી નથી.

૫. લોન લેનારા રજીસ્ટરમાં વ્યકિતગત ખાતાંવહીઓની વર્ષવાર તારવણી કરવામાં આવતી નહતી. હિતાધિકારીઓને આપેલી લોનો માટે કબુલાત પત્રો મેળવેલા નથી. મુદ્દલ રકમ ઉપર વ્યાજ ગણવામાં આવે છે, વ્યાજ ઉપર વ્યાજ વસુલ કરાતુ નથી. જોકે બેંકોને ચુકવવાનુ વ્યાજ સંચિત બાકી ઉપર ગણેલ છે. એટલે કે વ્યાજ ઉપરનુ વ્યાજ ગણેલ છે,

૬. અમારા અહેવાલમાં જણાવ્યા મુજબ સામન્ય ખાતાવહી તેમજ ગૌણ ખાતાવહીઓની બાકીઓમાં ઘણો મોટો તફાવત છે. અમારા મંતવ્ય પ્રમાણે આ માટેનુ એક કારણ અસરકારક આંતરીક અંકુશનો અભાવ અને વ્યકિતગત ખાતાવહીઓમાં નોંધવામાં આવતી વસુલાતની પ્રથા છે. વ્યકિતગત ખાતાવહીઓમાં નોંધ્યા પછી લોન ખાતાવહીઓમાં નોંધવાને બદલે રસીદોની પાવતી ઉપરથી લોન ખાતાવહીઓમાં સીધે સીધી નોંધણી કરવી જોઈએ.

**ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ ઓફ ઇન્ડિયાની કંપની દ્વારા ૧૯૫૬ની કલમ ૬૧૯(૪) અન્વયે ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમના તા. ૩૧-૩-૮૩ ના રોજ પુરા થતા વર્ષના હિસાબો ઉપર ટીકા ટિપ્પણી**

**સંચાલન તંત્રનો ખુલાસો અને સ્પષ્ટી કરણ**

સરવૈયુ :

જવાબદારી

૧. શેરમુડી (અનંસુચિ-૧)

ગતવર્ષમાં અધિકૃત શેરમૂડી રૂા. ૮ કરોડના બદલે રૂા. ૫.૫૦ કરોડ બતાવવામાં આવી છે.

આ ભુલથી બતાવવામાં આવી છે. ખરેખર સરવૈયાની સાચી અને વાજબી પરિસ્થિતમાં આની કોઇ અસર પડતી નથી. ભવિષ્યમાં ભુલ ન થાય તે માટે આની નોંધ લેવામાં આવે છે.

૨. ઉપજ-ખર્ચ ખાતુ (નફો) ચાલુ વર્ષના ખર્ચ કરતા ઉપજનો વધારો રૂા. ૩૮,૧૯,૩૨૮

ઉપરની બાબતે ખર્ચ કરતા આવકનો ચાલુ વર્ષમાં નહીં પરંતુ આ વર્ષના અંત સુધીનો વધારો બતાવે છે. આ ઉપરાંત કંપનીધારા ૧૯૫૬ની પરિશિષ્ટ ૬ના ભાગ-૧ની જોગવાઇ પ્રમાણે આ રકમ અલગ ન બતાવતા 'અનામત અને વધારાના' સદર નીચે બતાવવી જોઇએ.

સદર મુદ્દો કંપની ધારાની જોગવાંઈ પ્રમાણે પરિસ્થિતિ દર્શાવવા બાબતની છે. આ બાબતની નોંધ લેવામાં આવે છે અને આ બાબતને ધ્યાનમાં રાખીને વર્ષ ૮૩ ૮૪ ના હિસાબો પછીના હિસાબો તૈયાર કરતી વખતે જરુરી ધ્યાન રાખવામાં આવશે.

અસ્કયામતો :-

૩. સ્થાઇ મિલકતો રૂા. ૫,૧૦,૮૪૫ (અનુસુચિ ૪)

કંપની ધારા ૧૯૫૬ના પરિશિષ્ટ-૬ ભાગ-૨ની જોગવાઇ પ્રમાણે અગાઉના વર્ષના આંકડાઓ દરેક કોલમમાં બતાવેલ નથી.

આ મુદ્દો પણ કંપની ધારા ૧૯૫૬ની જોગવાઈ મુજબ પરિસ્થિતિ દર્શાવવા બાબતનો છે. જેની નોંધ લેવામાં આવી છે અને વર્ષ ૮૩-૮૪ પછીના હિસાબો તૈયાર કરતી વખતે જરુરી ધ્યાન રાખવામાં આવશે.

૪. ચાલુ મિલકતો, લોન્સ અને એડવાન્સીઝ (અનુસુચિ ૬)

૧. બેંકોની, ડિપોઝીટ ઉપર મળવાપાત્ર પણ લહેણું નહીં થયેલું વ્યાજ રૂા. ૩૦,૦૨,૪૩૦

આ રકમ વ્યાજની ખોટી ગણતરી કરવાને કારણે રુા. ૧,૦૧,૫૮૦/- થી ઓછી બતાવવામાં આવેલ છે, આને કારણે ખર્ચ કરતા આવકનો વધારો પણ એટલે અંશે ઓછો બતાવવામાં આવે છે.

સદર ટીકાની ચકસણી કરતા એવુ જણાય છે કે વ્યાજની ગણતરી ભુલને કારણે આ પરિસ્થિતિ થયેલી છે આ માટે ની જરુરી સુધારણા નોંધ વર્ષ '૮૩-૮૪ના હિસાબો તૈયાર કરતી વખતે કરવામાં આવશે

૨. અન્ય એડવાન્સીઝ રુા. ૯૧,૫૫૮

આ રકમ એડવાન્સીઝના હિસાબો સરભર ન કરવાથી રૂા. ૫૮,૬૭૯,૫૧ પૈસાથી વધુ બતાવવામાં આવેલી છે

આ ટીકા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીને વહીવટી ગ્રાન્ટ પેટે આપેલી રકમના સંદર્ભમાં છે કે જેના હિસાબો વર્ષ દરમ્યાન આવેલા ન હતા જો કે આ અંગેની જરુરી માહિતી મળવીને વર્ષ ૮૫-૮૫ હિસાબો તૈયાર કરતી વખતે જરૂરી નોંધ કરવામાં આવશે

૫. ઉપજ-ખર્ચ ખાતુ :-

ખર્ચા

અન્ય ખર્ચાઓ રૂા, ૬૪,૫૮૦

આની અંદર કોર્ટમાં ડિપોઝીટ તરીકે જમા કરાવેલી રુા, ૩૦,૦૦૦ ની રકમનો સમાવેશ થાય છે, જે રકમ ડપોઝીટ તરીકે "ચાલુ મિલકનો" ના મથાળા હેઠળ સરવૈયામાં બતાવવી જોઇએ આ કારણસર આવક કરતા ખર્ચનો વધારો એટલે અંશે ઓછો બતાવ્યો છે

આ મુદ્દાની બાબત જરૂરી ચકાસણી કરવામાં આવેલી છે. અને તે અંગેની સુધારણા નોંધ ૮૩-૮૪ના હિસાબો તૈયાર કરતી વખતે કરવામાં આવશે

તારીખ : ૨૨-૧૨-૮૬
સ્થળ : અમદાવાદ.

મહાલેખાકાર

| પાછલુ વર્ષ ૧૯૮૧-૮૨ | જવાબદારીઓ | અનુસૂચિ | રકમ રૂા. ૧૯૮૨-૮૩ |
|---|---|---|---|
| ૨,૦૦,૦૦,૦૦૦ | શેરમૂડી | અ | ૨,૦૦,૦૦,૦૦૦ |
| ૧૬,૨૮,૬૧૭ | અનામતો અને વધારો (ગયા વર્ષ મુજબ) | બ | ૧૬,૨૮,૬૧૭ |
| ૨,૩૭,૬૨,૨૬૫ | તારણ વગરની લોન | ક | ૨,૮૧,૫૭,૮૫૫ |
| ૩,૮૩,૫૦,૦૯૨ | ચાલુ જવાબદારીઓ અને જોગવાઇઓ | ડ | ૪,૩૨,૦૪,૮૪૯ |
| ૨૦,૯૪૩ | કાચા સરવૈયાનો તફાવત | | ૨૦,૯૪૩ |
| ૨૦,૧૯,૫૭૫ | ઉપજ ખર્ચ ખાતુ (નફો) | | |
| | ચાલુ વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો. | | ૩૮,૧૯,૩૨૮ |
| ૮,૫૭,૮૧,૪૯૨ | કુલ | | ૯,૬૮,૩૧,૫૯૨ |

૧. અગાઉના વર્ષના આંકડાઓ, ચાલુ વર્ષના આંકડાઓ સાથે સરખાવી શકાય તે રીતે પુનઃ ગોઠવવામાં આવેલા છે

૨. અમારા આજ તારીખના સામેલ અહેવાલ મુજબ.

તારીખ : ૨૦-૧-૮૬
સ્થળ : અમદાવાદ.

પી. એન. વડવાલા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ.
પી. એન. વડવાલા ભાગીદાર.

## ૧૯૮૩ ના રોજનું સરવૈયુ.

| પાછલુ વર્ષ ૧૯૮૧-૮૨ | મિલ્કતા | | અનુસૂચિ | રકમ રૂ. ૧૯૮૨-૮૩ |
|---|---|---|---|---|
| ૪,૦૮,૯૩૬ | સ્થાયી સ્કાયામતો | | ઈ | ૫,૧૦,૮૪૫ |
| ૮,૫૨,૯૫,૫૯૧ | ચાલુ મિલ્કતો, લોન્સ અને એડવાન્સીઝ | | ફ | ૯,૬૩,૨૦,૭૪૭ |
| ૭૬,૯૬૫ | પરચૂરણ ખર્ચા | | | — |
| | (માંડવાળ કે હિસાબ મેળ ન કરેલ હોય તેટલા) | | | |
| | ગત વર્ષ મુજબ | ૭૬,૯૬૫ | | |
| | ચાલુ વર્ષના | ૬૭,૫૦૦ | | |
| | | ૧,૪૪,૪૬૫ | | |
| | બાદ : ચાલુ વર્ષે માંડવાળ કર્યા | ૧,૪૪,૪૬૫ | | — |
| ૮,૫૭,૮૧,૪૯૨ | | | કુલ | ૯,૬૮,૩૧,૫૯૨ |

તારીખ : ૧૪-૧-૮૬
સ્થળ : ગાંધીનગર.

રેવાભાઈ પરમાર
અધ્યક્ષ

પ્ર. બસુ
મેનેજીંગ ડીરેક્ટર

| ૩૧-૩-૧૯૮૨ | ખર્ચા | ૩૧-૩-૧૯૮૩ |
|---|---|---|
| ૭,૯૯,૭૬૩ | બેંક લોન ખાતા પરનું વ્યાજ | ૧૦,૧૭,૦૧૦ |
| ૬,૨૧,૯૮૮ | પગાર અને વેતન | ૧૦,૧૦,૪૨૦ |
| — | સી. પી. એફ. નો ફાળો | ૧૩,૩૪૧ |
| ૩૩,૭૪૨ | પેન્સન અને લીવસેલેરી ફાળો | ૨,૬૮૫ |
| — | માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | ૧,૪૪,૪૬૫ |
| ૫૬,૬૩૬ | મેનેજીંગ ડાયરેક્ટરશ્રીના પગાર | ૪૯,૮૬૬ |
| ૧૨,૦૦૦ | અધ્યક્ષશ્રીના માનદવેતન | ૧૨,૦૦૦ |
| ૮,૪૦૦ | સીટીંગ ફી | ૫,૨૦૦ |
| ૧૫,૦૦૦ | આંતરિક અને સ્ટેચ્યુટરી અન્વેષણની ફી | ૧૫,૦૦૦ |
| ૧,૩૬,૮૫૮ | પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | ૯૭,૬૦૩ |
| ૧,૧૦,૮૨૮ | વાહન મરામત અને જાળવણી | ૧,૫૧,૪૬૯ |
| ૩૨,૫૧૩ | નિયામકશ્રીઓ, અધ્યક્ષશ્રીઓનો પ્રવાસખર્ચ | ૩૨,૮૫૧ |
| ૬૨,૧૬૪ | સ્ટાફ પ્રવાસ ખર્ચ | ૧,૧૪,૩૨૩ |
| ૧૩,૭૧૦ | ભાડુ | ૧૩,૭૧૦ |
| ૨૮,૩૭૫ | ટેલીફોન અને ટ્રંકકોલ્સ | ૪૭,૧૧૭ |
| ૨૮,૪૦૨ | ટપાલ અને ટેલીગ્રામ | ૩૨,૫૨૬ |
| ૫૬૬ | જાહેરાત | ૫,૬૪૪ |
| ૨૩,૩૮૫ | બીજા ખર્ચાઓ | ૬૪,૫૮૦ |
| ૮૦,૮૬૧ | ઘસારો | ૧,૦૭,૯૫૬ |
| — | શંકાસ્પદ લોન માટે જોગવાઈ | ૧૨,૮૩,૩૮૦ |
| ૭૦,૪૭૨ | સીમાંત નાણાં અનામત સબંધી જોગવાઈ | ૨,૧૭,૬૩૦ |
| ૧૩,૯૦૯ | તબીબી ખર્ચ | ૩૪,૪૮૨ |
| ૧૭,૮૫૩ | રીફ્રેશમેન્ટ ખર્ચ | ૧૭,૨૫૩ |
| ૨૦,૯૪,૨૩૫ | ખર્ચ કરતાં આવકમાં વધારો | ૧૭,૯૯,૭૫૩ |
| ૪૨,૫૭,૬૫૦ | કુલ... | ૬૨,૯૦,૨૬૪ |

૧. અગાઉના વર્ષના આંકડાઓ, ચાલુ વર્ષના આંકડાઓ સાથે સરખાવી શકાય તે રીતે પુનઃ ગોઠવવામાં આવેલ 

૨. આંકડાઓ રૂપિયા સુધી લેવામાં આવેલા છે.

અમારા આજ તારીખના સામેલ અહેવાલ મુજબ.

તારીખ : ૨૦-૧-૮૬
સ્થળ : અમદાવાદ

પી. એન. વડવાલા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
પી. એન. વડવાલા ભાગીદાર.

## ...રોજ પુરા થતા વર્ષનું ઉપજ ખર્ચ ખાતું

| ૩૧-૩-૧૯૮૨ | આવક | તા. ૩૧-૩-૧૯૮૩ |
|---|---|---|
| | વ્યાજ | |
| ૧૩,૩૭,૬૧૨ | અ) હિતાધિકારીઓની લોન ઉપર | ૧૧,૩૬,૯૯૫ |
| ૧૫,૧૯,૧૭૯ | બ) બેંકમાં બાંધી મુદતની થાપણ ઉપર | ૩૧,૯૫,૭૮૫ |
| ૪,૦૦,૨૫૯ | ક) બચત ખાતા ઉપર | ૪,૫૭,૧૩૨ |
| ૩૨,૫૭,૦૫૦ | | ૪૭,૮૯,૯૧૨ |
| ૧૦,૦૦,૦૦૦ | સરકાર તરફથી મળેલ વહીવટી ગ્રાન્ટ | ૧૫,૦૦,૦૦૮ |
| ૬૦૦ | પરચુરણ આવક | ૩૫૨ |
| ૪૨,૫૭,૬૫૦ | કુલ... | ૬૨,૯૦,૨૬૪ |

તારીખ :- ૧૫-૧-૮૬.
સ્થળ :- ગાંધીનગર.

રેવાભાઈ પરમાર,
અધ્યક્ષ

પ્ર. બસુ
મેનેજીંગ ડીરેક્ટર.

# અનુસૂચિ-અ

શેરમુડી

**અધિકૃત શેર મુડી**

| | | | |
|---|---|---|---|
| ૫, ૫૦,૦૦,૦૦૦ | રૂા. ૧૦૦/-ના એક એવા ૮,૦૦,૦૦૦ શેરે પાછલા વર્ષ મુજબ. | | ૮,૦૦,૦૦,૦ |

**બહાર પાડેલી અને ભરપાઈ થયેલી શેરમુડી**

| | | | |
|---|---|---|---|
| ૨,૦૦,૦૦,૦૦૦ | રૂા. ૧૦૦/-ના એક એવા ૨,૦૦,૦૦૦ શેરો પાછલા વર્ષ મુજબ. | ૨,૦૦,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦ |
| | પાછલા વર્ષની શેર અરજીની રકમ | ૨,૦૦,૦૦,૦૦૦ | |
| | ચાલુ વર્ષે મળેલ શેર અરજીની રકમ | ૧,૮૮,૨૩,૦૦૦ | |
| | | ૩,૮૮,૨૩,૦૦૦ | |
| | બાદ : ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓના મથાળા હેઠળ બતાવેલ તેના. | ૩,૮૮,૨૩,૦૦૦ | નીલ |
| ૨,૦૦,૦૦,૦૦૦ | | | ૨,૦૦,૦૦,૦ |

નોંધ :– **શેર અરજીની રકમ અંગે**

વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે રકમો મળેલ છે.

| કેન્દ્ર સરકાર તરફથી (રૂા. લાખમાં) | રાજ્ય સરકાર તરફથી (રૂા. લાખમાં) | |
|---|---|---|
| ૯૨.૨૩ | ૯૬.૦૦ | |
| ૯૨.૨૩ | ૯૬.૦૦ | ૧,૮૮,૨૩,૦૦ |

શેર્સની ફાળવણી તા ૨૦-૪-૧૯૮૩ના રોજ કરવામાં આવેલી હોવાથી ઉપર પ્રમાણે મળેલી રકમ સરવૈયામાં " ચાલુ જવાબદારીઓ અને જોગવાઇઓ " ના મથાળા નીચે બતાવેલ છે. ૧,૮૮,૨૩,૦૦૦

**પાછલા વર્ષની શેર અરજીની રકમ**

| કેન્દ્ર સરકાર તરફથી (રૂા. લાખમાં) | રાજ્ય સરકાર તરફથી (રૂા. લાખમાં) | |
|---|---|---|
| ૯૮.૦૦ | ૧૦૨ ૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦ |

કુલ શેર અરજીના નાણાં – ૩,૮૮,૨૩,૦૦૦

# અનુસૂચિ-બ અનામતો અને વધારો

**મૂડી અનામતો :**

**નોંધ :**

**મૂડી અનામતો નીચેની બાબતને આધારે બનેલી છે :-**

| | | | |
|---|---|---|---|
| ૧. | ૧૮૬૦ના મંડળી નોંધણી અધિનિયમ હેઠળ નોંધાયેલ મંડળી, અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ પાસેથી કોઇ ખરીદી અવેજની ચૂકવણી કર્યા વિના તે મંડળીના ચોપડે ૪ થી માર્ચ, ૧૯૮૦ના રોજ દર્શાવ્યા મુજબ, તબદીલીથી પ્રાપ્ત કરેલ અને સંપાદિત થયેલ જવાબદારીઓ પર કસ્કયામતોનો વધારો. | | |
| ૨. | ૪ થી માર્ચ ૧૯૮૦ના રોજ મુજબ, સબંધિત બેંકોના ચોપડા મુજબ બેંકોના ખાતામાંની સિલકમાં, ઉપરની મંડળીના ચોપડામાં દર્શાવેલ સિલક કરતા ચોખ્ખો વધારો. | | ૧૫,૭૩,૪૩૨ |
| ૩. | ૪ થી માર્ચ ૧૯૮૦ સુધીની મુદતને લગતી બેંકની થાપણો પર વ્યાજ | | ૪૬,૪૩૨ |
| | **બાદ :** | | ૧,૧૫,૧૬૦ |
| | | | ૧૭,૩૪,૬૭૩ |
| ૪. | ૪ થી માર્ચ ૧૯૮૦ સુધીની મુદત માટે બેંક મુદતી લોન પર વ્યાજ | | |
| ૫. | ૪ થી માર્ચ ૧૯૮૦ સુધીની મુદતને લગતુ બીજુ ખર્ચ. | ૯૩,૧૪૨ | |
| | | ૧૨,૯૧૪ | ૧,૦૬,૦૫૬ |
| | સરવાળો : | | ૧૬,૨૮,૬૧૭ |

## અનુસૂચિ-ક તારણ વગરની લોન

| ૩૧-૩-૮૨ | | ૩૧-૩-૮૩ |
|---|---|---|
| ૨,૩૩,૬૧,૪૯૦ | બેંકોમાંથી મુદતી લોન (ગુજરાત સરકાર આ લોન અંગે બાંયધરી આપવા સૈદ્ધાંતિક રીતે કબુલ થઈ છે. આમ છતાં સરકાર વતી બેંકોને હજી બાંયધરી આપવામાં આવી નથી.) | ૨,૭૭,૫૭,૦૮૦ |
| ૨,૦૦,૭૭૫ | ગુજરાત સરકાર તરફથી લોન<br>બી. સી. કે. લોન (ગયા વર્ષ મુજબ) | ૨,૦૦,૭૭૫ |
| ૨,૦૦,૦૦૦ | ફરતુ ફંડ (ગયા વર્ષ મુજબ) | ૨,૦૦,૦૦૦ |
| ૨,૩૭,૬૨,૨૬૫ | કુલ : | ૨,૮૧,૫૭,૮૫૫ |

ારણ વગરની લોન અંગેનું લીસ્ટ સને ૧૯૮૨-૮૩

| | |
|---|---|
| ના બેંક લોન ખાતુ, સેન્ટ્રલ બેંક | ૩૪,૦૩,૦૪૪.૧૭ |
| રત દૂધાળાઢોર લોન ખાતુ, સેન્ટ્રલ બેંક | ૭,૪૩,૦૯૩.૦૦ |
| રેન્દ્રનગર લોન ખાતુ, સેન્ટ્રલ બેંક | ૬,૬૪,૮૮૬.૦૦ |
| લસાડ | ૨૦,૩૦૨.૦૦ |
| લસાડ કુટીર | ૧,૪૭,૦૦૮.૦૦ |
| ચમહાલ | ૨,૧૧,૨૫૫.૦૦ |
| ચમહાલ કુટીર લોન સેન્ટ્રલ બેંક | ૧,૭૨,૦૦૦.૦૦ |
| ડા | ૭,૫૦,૨૬૪.૦૦ |
| ડા કુટીર | ૧,૧૦,૮૮૪.૦૦ |
| વનગર | ૨૧,૪૬૦.૦૦ |
| વનગર કુટીર | ૯૩,૬૫૯.૦૦ |
| મરકાંઠા દૂધાળાઢોર લોન ખાતુ, બેંક ઓફ બરોડા | ૯,૩૭,૨૩૩.૭૫ |
| યિન બેંક ઓફ ઇન્ડીયા લોન ખાતુ | ૮,૬૯,૬૪૦.૬૦ |
| હાભાદ બેંક લોન ખાતુ | ૪,૬૪,૧૨૮.૦૦ |
| ઓફ બરોડા લોન ખાતુ | ૪૬,૪૭,૧૦૮.૨૩ |
| ભૂજ કુટીર લોન સેન્ટ્રલ બેંક | ૯૫,૯૪૨.૦૦ |
| દાવાદ લેન સેન્ટ્રલ બેંક | ૬,૩૭,૭૩૯.૦૦ |
| દાવાદ લોન સેન્ટ્રલ બેંક | ૨,૩૨,૫૭૩.૦૦ |
| કોટ કુટીર લોન સેન્ટ્રલ બેંક | ૧,૫૨,૮૬૫.૦૦ |
| દરા કુટીર લોન સેન્ટ્રલ બેંક | ૮૫,૯૩૪.૦૦ |
| દરા દૂધાળાઢોર લોન સેન્ટ્રલ બેંક | ૨૪,૯૫,૦૨૦.૦૦ |
| ાણા કુટીર લોન | ૧,૮૭,૩૪૭.૦૦ |
| સકાંઠા દૂધાળાઢોર લોન ખાતુ | ૮,૩૭,૧૪૯.૦૦ |
| મકાંઠા કુટીર લોન ખાતુ | ૧,૨૭,૭૩૫.૦૦ |
| કુટીર લોન | ૧,૦૮,૬૨૫.૦૦ |
| દૂધાળાઢોર લોન | ૪,૪૩,૨૬૬.૦૦ |
| ગઢ કુટીર લોન ખાતુ | ૯૬,૫૩૪.૦૦ |
| વાદ બળદ લોન ખાતુ | ૩૦,૦૦૦.૦૦ |
| નગર દૂધાળાઢોર લોન ખાતુ | ૩૯,૫૦૬.૦૦ |
| નગર કુટીર લોન ખાતુ | ૨૧,૭૪૭.૦૦ |
| કુટીર લોન ખાતુ | ૧૪,૯૮૫.૦૦ |
| ઢ દૂધાળાઢોર લોન ખાતુ | ૧૩,૨૦૦.૦૦ |
| લી કુટીર ખાતુ | ૧,૬૬,૯૮૨.૦૦ |
| ણા દૂધાળાઢોર લોન, બેંક ઓફ બરોડા | ૩,૫૩,૨૨૬.૭૧ |
| કાંઠા કુટીર લોન ખાતુ | ૯૧,૫૫૯.૦૦ |
| મર કુટીર લોન | ૪૫,૨૨૩.૦૦ |
| નગર દૂધાળાઢોર લોન | ૨,૪૬,૧૬૯.૦૦ |
| નેશનલ બેંક લોન ખાતુ | ૩૦,૭૬,૨૬૭.૪૧ |
| ન ઓવરસીઝ બેંક લોન ખાતુ | ૮,૬૪,૮૬૯.૨૯ |
| ઓફ ઇન્ડીયા લોન ખાતુ | ૫,૫૦,૧૬૬.૨૩ |
| બી. એસ. લોન ખાતુ | ૨૬,૧૮,૬૮૭.૫૭ |
| ટ્ર બેંક લોન ખાતુ | ૨,૪૨,૭૯૭.૦૦ |
| ણા જીલ્લા પંચાયત બેંક લોન ખાતુ | ૬,૨૪,૯૯૯.૯૫ |
| કુલ | ૨,૭૭,૫૭,૦૭૯.૯૧ |

# અનુસુચિ : ડ

## (અ) :- ચાલુ જવાબદારીઓ અને જોગવાઇઓ :-

| | | |
|---|---|---|
| ૫૮,૮૧,૯૮૫ | કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળેલી સહાય અને ગ્રાન્ટની નહી વપરાયેલ રકમ | ૩૩,૭૩,૧૬૨ |
| ૨,૦૦,૦૦,૦૦૦ | કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળેલ ઇકવીટી શેરમુંડી અરજીની રકમ | ૩,૮૮,૨૩,૦૦૦ |
| ૧,૦૭,૯૭,૨૩૨ | ચેક ઇશ્યુ કર્યા હોય પરંતુ બેન્કમાં રજૂ ન થયા હોય એમ દર્શાવતી બેન્કમાં જમા સિલક જે તે સંબંધમાં નાણાંની તબદીલી ૩૧ મી માર્ચ-૧૯૮૩ પછી બેન્કની મુદતી લોન હિસાબમાંથી કરવામાં આવી હતી. | ૩,૩૪,૬૧૯ |
| ૧૪,૩૯,૯૬૨ | અન્ય જવાબદારીઓ | ૨,૨૭,૦૭૧ |
| ૧,૪૮,૨૨૯ | બેન્ક લોન પર ચઢેલ પણ લેણુ નહી થયેલ વ્યાજ | ૧,૪૬,૬૮૩ |
| | **(બ) જોગવાઇઓ** | |
| ૮૨,૬૮૪ | સીમાન્ત નાણાં ડીપોઝીટ સંદર્ભે જોગવાઇઓ. | ૩,૦૦,૩૧૪ |
| ૩,૮૩,૫૦,૦૯૨ | | ૪,૩૨,૦૪,૮૪૯ |

### સને ૧૯૮૨-૮૩ના વર્ષમાં વણવપરાયેલ સબસીડીની વિગત દર્શાવતુ પત્રક

| | | રકમ રૂા. પૈસા |
|---|---|---|
| ૧. | બી. સી. કે. સબસીડી | ૬,૦૭,૧૩૨.૨૩ |
| ૨. | પશુપાલન સબસીડી | ૨૦,૯૨,૪૭૫,૭૦ |
| ૩. | વાંસ સબસીડી | ૪,૪૩,૪૭૦,૧૮ |
| ૩. | મહેસાણા સબસીડી ખાતુ | ૫૨,૮૦૭.૦૦ |
| ૫. | દેગઠા સબસીડી | ૧,૩૬,૧૫૩.૩૦ |
| ૬. | કોમ્પોનન્ટ પ્લાન ખાતુ | ૪૧,૧૬૩.૮૩ |
| | કુલ... | ૩૩,૭૩,૧૬૨.૨૪ |

## પત્રક : 'ડ'

### સને ૧૯૮૨-૮૩ના વર્ષમાં બેન્ક ડિપોઝીટ ખાતામાં જમા રકમો

| | | રકમ રૂા. પૈસા |
|---|---|---|
| એસ. બી. એસ. ચાલુ ખાતુ | | ૧,૮૮૬.૨૦ |
| બી ઓ. બી. ચાલુ ખાતુ (૪૫૫૦) | | ૯૨,૪૩૪.૮૫ |
| સી. બી. આઇ (૧૭૬૯) | | ૨,૪૦,૨૯૮.૭૦ |
| | કુલ | ૩,૩૪,૬૧૯.૭૫ |

### અન્ય જવાબદારીઓ :-

| | | |
|---|---|---|
| જી. પી. એફ. | | |
| નહીં ચૂકવેલ પગાર | | ૧૨,૫૮૧.૦૦ |
| એચ. બી. એ. | | ૩,૯૪૭.૨૦ |
| રાજ્ય વીમો | | ૨,૫૦૦.૦૦ |
| ઘરભાડા | | ૩૮૩.૫૦ |
| સ્કુટર એડવાન્સ | | ૭૪૯.૯૩ |
| વ્યવસાય વેરો | | ૫૦.૦૦ |
| આવક વેરો | | ૧,૧૫૫.૦૦ |
| જોગવાઇ ખાતુ | | ૬૫૦.૦૦ |
| નહીં ચૂકવેલ સી. પી. એફ. | | ૧,૧૬,૩૭૨.૮૫ |
| થાપણ ખાતા | | ૪૯.૦૦ |
| | | ૮૮,૬૩૨.૭૪ |
| | કુલ... | ૨,૨૭,૦૭૧.૨૨ |

# અનુસૂચિ-ઈ

## સ્થાયી મિલકતો

| ક્રમ | વિગત | તા. ૧-૪-૮૨ના રોજ ઉઘડતી સિલક | વર્ષ દરમ્યાન વધારો | કુલ બાકી | વર્ષનો ઘસારો | તા. ૩૧-૩-૮૩ના રોજ ચોખ્ખી બાકી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ફર્નિચર-ફિક્ચર્સ | ૧,૧૯,૨૯૮ | ૪,૧૨૭ | ૧,૨૩,૪૨૫ | ૧૨,૩૪૩ | ૧,૧૧,૦૮૨ |
| ૨. | ઓફિસ સાધન સામગ્રી | ૧૯,૪૨૪ | ૭૬૪ | ૨૦,૧૮૮ | ૩,૦૨૮ | ૧૭,૧૬૦ |
| ૩. | વાહનો | ૨,૪૫,૯૦૬ | ૨,૦૪,૬૨૦ | ૪,૪૮,૫૨૬ | ૮૯,૭૦૫ | ૩,૫૮,૮૨૧ |
| ૪. | ડેડ સ્ટોક | ૨૨,૦૪૩ | ૩૫૪ | ૨૨,૩૯૭ | ૨,૨૪૦ | ૨૦,૧૫૭ |
| ૫. | વોટર કુલર | ૪,૨૬૫ | – | ૪,૨૬૫ | ૬૪૦ | ૩,૬૨૫ |
| | કુલ... | ૪,૦૮,૯૩૬ | ૨,૦૯,૮૬૫ | ૬,૧૮,૮૦૧ | ૧,૦૭,૯૫૬ | ૫,૧૦,૮૪૫ |

# અનુસૂચિ-એક

## ચાલુ મિલ્કતો, લોન અને પેશગીઓ

| | | | |
|---|---|---|---|
| | (અ) ચાલુ મિલ્કતો | | |
| ૧,૭૪,૦૩૨ | દેગડાનો સ્ટોક (મૂળ કિંમતે) મેનેજરશ્રી (નાણાં) દ્વારા પ્રમાણિત અને મુલ્યાંકન મુજબ | | ૮૭,૫૫૪ |
| ૩,૪૯૯ | હાથ પર સિલક | | ૪૭ |
| | શિડયુલ્ડ બેંકોમાં સિલક | | |
| ૪.૨૨,૫૪૮ | ચાલુ ખાતામાં | ૭,૯૯,૩૨૬ | |
| ૨,૭૦,૨૫,૫૧૫ | બચત થાપણ ખાતામાં | ૨.૫૯,૯૦,૮૨૬ | |
| ૨,૨૬,૫૧,૮૩૬ | બાંધી મુદતની થાપણ ખાતામાં | ૪,૩૧,૭૮,૩૨૬ | |
| ૫,૦૪,૯૯,૮૯૯ | | | ૬૮,૪૭૮ |
| | (બ) લોન અને પેશગીઓ | | |
| | લાભાર્થીઓને લોન (સામાન્ય ખાતાવહી મુજબ) | | |
| ૧,૭૬,૮૮,૬૧૦ | કે જે લોન બાબતમાં કંપની પુરે પુરી જામીનગીરી ધરાવે છે. | ૧,૬૨,૦૧,૧૯૧ | |
| ૧,૪૨,૫૯,૦૫૦ | કે જે લોન બાબતમાં કંપની અંગત જામીનગીરી સિવાય બીજી કોઈ જામીનગીરી ધરાવતી નથી. | ૭૧,૬૧,૩૭૨ | |
| ૧૨,૪૯,૩૭૨ | શંકાસ્પદ ગણેલી લોન | ૨૫,૩૨,૭૫૨ | |
| ૩,૩૧,૭૭,૦૩૨ | | ૨,૫૮,૯૫,૩૧૫ | |
| | બાદ : શંકાસ્પદ લોનની જોગવાઈ | ૨૫,૩૨,૭૫૨ | |
| | | ૨,૩૩,૬૨,૫૬૩ | |
| | બાદ : પરચૂરણ વસુલાત | ૨,૨૭,૬૯૮ | ૨,૩૧,૩૪,૮૬૫ |
| ૨૫,૫૭૮ | રોકડમાં અથવા ચીજવસ્તુ રૂપે વસુલ કરવાપાત્ર અથવા મુલ્ય મળવાતુ હોય તેવી અન્ય પેશગીઓ (તારણ વગરની સદ્ધર) કર્મચારી વર્ગને પેશગી | ૩૪,૮૧૫ | |
| ૧૩,૬૧,૪૯૪ | બેંક થાપણ પર મળવાપાત્ર-લેણુ થયેલુ વ્યાજ | ૩૦,૦૨,૪૩૦ | |
| ૫૩,૦૫૭ | અન્ય પેશગીઓં | ૯૧,૫૫૮ | ૩૧,૨૮,૮૦૩ |
| ૧,૦૦૦ | (સી) ઉપલક ખાતા (છેલ્લા વર્ષ મુજબ) | | ૧,૦૦૦ |
| ૮,૫૨,૯૫,૫૯૧ | કુલ | | ૯,૬૩,૨૦,૭૪૭ |

# ૧૯૮૨-૮૩ ના વર્ષમાં શિડયુલ્ડ બેંકોમાં સિલક.

ચાલુ ખાતા

| | | | |
|---|---|---|---|
| (૧) | બેંક ઓફ બરોડા | ૧૧૮ | ૬,૮૭,૭૯૨.૮૫ |
| (૨) | બેંક ઓફ બરોડા | ૧૧૯ | ૧૦૦.૦૦ |
| (૩) | દેના બેંક ખાતુ | ૪૩૨ | ૫૦૧.૦૦ |
| (૪) | સેન્ટ્રલ બેંક ખાતુ | ૨ | ૧,૮૧૬.૧૮ |
| (૫) | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર ખાતુ | | ૫૦૧.૦૦ |
| (૬) | મહારાષ્ટ્ર બેંક | | ૫૦૧.૦૦ |
| (૭) | પંજાબ નેશનલ બેંક ચાલુ | | ૨૭,૦૫૩.૦૦ |
| (૮) | સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા ચાલુ | | ૨,૧૭૪.૫૦ |
| (૯) | યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા | | ૧,૫૧૨.૫૦ |
| (૧૦) | અલ્હાબાદ બેંક ચાલુ | | ૪,૨૨૪.૦૦ |
| (૧૧) | ઇન્ડિયન ઓવરસીઝ બેંક ચાલુ | | ૨,૪૨૨ ૦૦ |
| (૧૨) | બેંક ઓફ ઇન્ડિયા ચાલુ | | ૯૬૩.૭૦ |
| (૧૩) | દેના બેંક ચાલુ | | ૬૯,૭૬૪.૦૦ |
| | | કુલ :- | ૭,૯૯,૩૨૫.૫૩ |

(૨) **બચત ખાતાં :**

| | | |
|---|---|---|
| બેંક ઓફ ઇન્ડિયા | એ/સી ૩૬૬૯ | ૫૬,૭૩૯.૩૮ |
| બેંક ઓફ બરોડા | એ/સી ૪૩૬૦ | ૩૩૬.૬૦ |
| બેંક ઓફ બરોડા | એ/સી ૨૦૧૮૭ | ૧૨૬.૧૦ |
| સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ | એ/સી ૨૦૨ | ૧૨,૩૯૫.૭૩ |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | એ/સી ૧૨૯૦ | ૪,૨૯૫.૧૫ |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | એ/સી ૧૩૬૨ | ૨,૫૬૮.૦૦ |
| સિન્ડીકેટ બેંક | એ/સી ૩૬૯૧ | ૧,૦૩૪.૮૦ |
| કેનેરા બેંક | — | ૪૯૦.૦૦ |
| કેનેરા બેંક | — | ૫૨૩.૪૦ |
| મહારાષ્ટ્ર બેંક | એ/સી ૬૨૫૪ | ૧,૦૪૭.૨૦ |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | એ/સી ૧૩૮૫ | ૧૪,૧૦,૩૧૮.૧૧ |
| સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | એ/સી ૧૪૮૧ | ૧,૮૬,૬૨,૨૨૦.૨૭ |
| યુનાઇટેડ કોમર્શીયલ બેંક ખાતુ | એ/સી ૧૯૬૩ | ૧,૦૩,૮૮૬.૦૬ |
| અલ્હાબાદ બેંક | ૯૭૫ | ૯૨,૦૫૧ ૪૦ |
| સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર | ૫૧ | ૧,૬૧,૯૩૨.૬૯ |
| બેંક ઓફ ઇન્ડિયા | ૨૫૬૪ | ૮,૨૨૨.૮૮ |
| બેંક ઓફ ઇન્ડિયા | ૫૬૨૬ | ૧૫,૭૬,૭૩૭.૨૫ |
| દેના બેંક | ૭૨૩૮ | ૧,૨૭,૧૧૯.૭૮ |
| યુનિયન બેંક | ૧૮૨૫ | ૨૬,૧૯,૩૧૭.૪૦ |
| ઇન્ડિયન ઓવરસીઝ બેંક | ૧૬૭૧ | ૬,૧૦,૫૬૧.૯૫ |
| પંજાબ નેશનલ બેંક | ૬૯૮ | ૫,૨૨,૨૦૨.૫૦ |
| ઇન્ડિયન ઓવરસીઝ બેંક | ૧૭૦૯ | ૧૧૦.૨૦ |
| સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા | ૭૧૦૩ | ૧૬,૫૮૮.૮૧ |
| | કુલ : | ૨,૫૯,૯૦,૮૨૫.૬૬ |

## <u>બાંધી મુદતની થાપણો</u>

| | |
|---|---|
| બાંધી થાપણો | ૩,૭૯,૦૦,૦૦૦.૦૦ |
| માર્જીનમની | ૫૨,૭૮,૩૨૫.૯૨ |
| કુલ : | ૪,૩૧,૭૮,૩૨૫.૯૨ |

તારણ વગરની લોન

| | |
|---|---|
| ૧. અમદાવાદ કુટીર | ૫,૭૪,૧૬૧.૯૦ |
| ૨. અમરેલી કુટીર | ૩,૭૨,૦૮૯.૫૦ |
| ૩. બનાસકાંઠા કુટીર | ૨,૨૦,૪૦૬.૩૬ |
| ૪. ભાવનગર કુટીર | ૨,૫૮,૮૬૫.૫૮ |
| ૫. કચ્છ કુટીર | ૨,૪૩,૨૧૧.૪૯ |
| ૬. જુનાગઢ કુટીર | ૪,૪૦,૩૩૦.૬૦ |
| ૭. જામનગર કુટીર | ૯૮,૫૧૧.૮૭ |
| ૮. ખેડા કુટીર | ૧,૨૪,૨૩૬.૮૫ |
| ૯. મહેસાણા કુટીર | ૩,૩૮,૦૫૮.૦૪ |
| ૧૦. પંચમહાલ કુટીર | ૪,૨૭,૧૪૮.૮૦ |
| ૧૧. સુરત કુટીર | ૨૭,૦૨૩.૪૯ |
| ૧૨. સાબરકાંઠા કુટીર | ૧૨૬,૬૨૪.૦૫ |
| ૧૩. સુરેન્દ્રનગર કુટીર | ૨૫,૨૧,૮૧૫.૪૯ |
| ૧૪. વડોદરા કુટીર | ૧,૩૬,૬૪૧.૨૫ |
| ૧૫. વલસાડ કુટીર | ૩,૨૫,૫૪૧.૨૫ |
| ૧૬. ગાંધીનગર | ૯૦,૧૩૧.૯૫ |
| ૧૭. રાજકોટ કુટીર | ૬,૨૧,૭૭૮.૮૦ |
| ૧૮. ભરૂચ કુટીર | ૯૫,૩૦૮.૪૫ |
| ૧૯. સહકારી મંડળીઓને લોન | ૧,૧૯,૪૯૦.૦૦ |
| કુલ : | ૭૧,૬૧,૩૭૧.૫૨ |

## લાભાર્થીઓને લોન

| | |
|---|---|
| સમાજ કલ્યાણ અધિકારીને ટુંકાગાળાની લોન | ૨,૦૦,૭૭૫.૦૦ |
| અમદાવાદ જીલ્લો દુધાળા ઢોર ધિરાણ ખાતુ | ૨૭,૦૧,૪૯૩.૭૪ |
| અમરેલી જીલ્લા કુટીર ધિરાણ ખાતુ | ૩,૯૯,૪૪૬.૯૦ |
| બનાસકાંઠા જીલ્લો ધિરાણ ખાતુ | ૨૨,૪૬,૯૮૪.૩૭ |
| ભાવનગર જીલ્લો ધિરાણ | ૩,૪૪,૪૯૦.૮૩ |
| કચ્છ જીલ્લો ધિરાણ | ૨,૮૦,૭૭૮.૬૯ |
| જુનાગઢ દુધાળા ઢોર ધિરાણ | ૬,૦૩,૨૩૮.૦૫ |
| જામનગર જીલ્લો ધિરાણ | ૧.૩૪,૩૫૨.૩૭ |
| ખેડા જીલ્લો ધિરાણ | ૨૫,૨૨,૯૯૭.૭૭ |
| મહેસાણા જીલ્લો ધિરાણ | ૧૩,૯૨,૪૫૮.૩૪ |
| પંચમહાલ ધિરાણ | ૧૨,૧૧,૧૪૬ ૫૪ |
| સુરત જીલ્લો ધિરાણ | ૧૦,૭૦,૫૧૦.૨૫ |
| સાબરકાંઠા જીલ્લો ધિરાણ | ૨૧,૮૩,૧૧૬.૫૬ |
| સુરેન્દ્રનગર જીલ્લો ધિરાણ | ૩૮,૩૩,૮૦૭.૯૯ |
| વડોદરા જીલ્લો ધિરાણ | ૩૩,૭૮,૩૬૫.૦૫ |
| વલસાડ જીલ્લો ધિરાણ | ૪,૬૫,૮૯૦,૩૯ |
| ગાંધીનગર જીલ્લો ધિરાણ | ૧,૬૧,૩૨૨.૭૬ |
| રાજકોટ જીલ્લો ધિરાણ | ૬,૭૬,૨૯૧,૬૦ |
| ભરુચ જીલ્લો ધિરાણ | ૧૦,૭૯,૪૩૩,૪૨ |
| મહેસાણા જીલ્લા પંચાયત ધિરાણ ખાતુ | ૮,૮૮,૯૧૪.૦૫ |
| સહકારી મંડળીઓને શેર લોન | ૧,૧૯,૪૯૦.૦૦ |
| કુલ | ૨,૫૮,૯૫,૩૧૪.૬૮ |

# -: પેશગીઓ :-

## (૧) કર્મચારીઓને પેશગીઓ :

| | |
|---|---|
| અનાજ પેશગી | ૬૯૫.૦૦ |
| સાયકલ પેશગી | ૫,૮૦૬.૦૦ |
| પંખા પેશગી | ૧,૨૨૫.૦૦ |
| તહેવાર પેશગી | ૯,૧૫૨.૦૦ |
| સી. પી. એફ. | ૧૬૩.૭૦ |
| સી. ડી. એસ. | ૩૨૩.૩૧ |
| પેશગીઓ (સામાન્ય) | ૧૭,૪૫૦.૦૦ |
| કુલ | ૩૪,૮૧૫.૦૧ |

## (૨) બેંક થાપણો ઉપર મળવાપાત્ર પણ લેણું નહીં થયેલું વ્યાજ :

| | |
|---|---|
| બચત બેન્ક ખાતું | ૧,૯૬,૯૩૧.૮૧ |
| માર્જીન મની | ૩,૬૨,૭૧૬.૬૦ |
| એફ. ડી. આર. | ૨૪,૪૨,૭૮૧.૪૦ |
| કુલ | ૩૦,૦૨,૪૨૯.૮૫ |

## (૩) અન્ય પેશગીઓ :

| | |
|---|---|
| થાપણ. | ૮,૦૪૦.૦૦ |
| સમાજ કલ્યાણ ગ્રાન્ટ. | ૬૫,૫૧૭.૪૭ |
| ટેલીફોન ડીપોઝીટ. | ૧૮,૦૦૦.૦૦ |
| કુલ | ૯૧,૫૫૭.૪૭ |

## અનુસૂચિ : જ

૧ કંપની નફા માટે વ્યવસાય ન કરતી હોવાથી કંપની ધારા ૧૯૫૬ની કલમ ૨૧૦(૨) ની જોગવાઇ મુજબ નફા નુકશાન મુજબ નફા નુકશાન ખાતુ બનાવવાને બદલે ઉપજ ખર્ચ ખાતુ બનાવવામાં આવેલ છે.

૨. ઉપજ ખર્ચ ખાતુ તા ૧-૪-૮૨ થી ૩૧-૩-૮૩ સુધીના સમયને લગતુ છે.

૩. સંચાલક મંડળમાં થયેલા ઠરાવને આધારે ડુબેલી અને શંકાસ્પદ લોન માટે ૫ % ના ધોરણે ઉચ્ચક જોગવાઈ કરવામાં આવેલી છે.

૪. બેંકમાં મુકેલ સીમાંત નાણાં ડિપોઝીટ યોજના હેઠળ બેંક દ્વારા મંજુર કરાયેલ લોનમાંથી ઉભા થતા ડુબેલા અંશત: દેવાને પહોંચી વળવા કંપનીની અંગત જવાબદારી સબંધમાં કરવામા આવેલી જોગવાઇ ૨,૧૭,૬૩૦ અંદાજીત ધોરણે કરવામાં આવેલી છે અને સંચાલક મંડળ દ્વારા તેને યોગ્ય ગણવામાં આવેલી છે.

૫. રૂા. ૧,૬૨,૦૧,૧૯૧ ની તારણ વાળી લોન હિતાધિકારીઓને દૂધાળાઢોર તેમજ બીજા પશુઓ ખરીદવા માટે આપેલી છે. આ લોન પશુને સાનગીરો મુકીને આપવામાં આવી છે. સબંધિત પશુનો વીમો ઉતરાવવામાં આવેલો છે અને વીમા પોલીસીઓ કંપનીના નામે લેવામાં આવે છે

૬. કંપનીને આવક વેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦ (૨૬ખ) ના જોગવાઈ અન્વયે આવક વેરામાંથી મુકિત અપાઈ છે, તેથી આવક વેરા અંગેની કોઇ જોગવાઇ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૭. નિગમમાં પ્રતિનિયુક્તિ ઉપર આવેલા સ્ટાફને માટે ચુકવવા પાત્ર રજા પગાર તેમજ પેન્શન ફાળા અંગેની જવાબદારી ચુકવણીના ધોરણે ધ્યાનમાં લેવામાં આવી છે. તા. ૩૧-૩-૮૩ના રોજ નહીં ચુકવાયેલ જવાબદારીઓ ધ્યાનમાં લીધેલી હતી.

૮. કંપની સામેના હકક દાવા સ્વીકારાયા નથી તેવુ ૩૧-૩-૮૩ના રોજ મુજબનુ દેવુ રૂા. ૨૯,૪૨૫ જેટલુ થાય છે.

૯. લોન અને પેશગીઓની સિલક, સબંધિત વ્યકિત/સંસ્થા દ્વારા આપવાના કબુલાત પત્રોને આધીન છે.

૧૦. ફકત એક કર્મચારી શ્રી સી. આર સમાજપતી, આઇ એ. એસ. ને માસિક રૂા. ૩,૯૭૫ લેખે પગાર અને ભથ્થા ચુકવવામાં આવેલ છે.

૧૧. કંપની, ઉત્પાદક કંપની નહીં હોવાથી ૧૯૫૬ના કંપની ધારાની અનુસુચિ-૬ ભાગ-૨ના ફકરા, ૪ગ અને ૪ડ મુજબની માહિતી આપવી જરૂરી નથી

અમારા આજ તારીખના સામેલ અહેવાલ મુજબ.

તા. ૨૦-૧-૮૬.
સ્થળ : અમદાવાદ.

પી. એન. વડવાલા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
પી. એન. વડવાલા ભાગીદાર.

સંચાલક મંડળ વતી.
રેવાભાઈ એસ. પરમાર,
અધ્યક્ષ.

પ્ર. બસુ,
મેનેજીંગ ડીરેકટર.